ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ

૧૮મો વાર્ષિક અહેવાલ

નાણાકીય વર્ષ ૨૦૧૬-૨૦૧૭

છઠ્ઠો માળ, ગીફ્ટ વન, રોડ ૫-સી, ગીફ્ટ સીટી, ગાંધીનગર, ગુજરાત-૩૮૨ ૩૫૫.
Ph. : +91-79-2360 2000 Fax : +91-79-2360 2054/55
E-mail : gerc@gercin.org Website : www.gercin.org

ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ

અઢારમો વાર્ષિક અહેવાલ

૨૦૧૬-૧૭

છઠ્ઠો માળ, ગીફ્ટ વન,
રોડ ૫-સી, ઝોન ૫, ગીફ્ટ સીટી,
ગાંધીનગર-૩૮૨૩૫૫.

Website : www.gercin.org **E-mail :** gerc@gercin.org

ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ

આયોગ વીજળી અધિનિયમ-૨૦૦૩ની
કલમ ૧૦૫ અન્વયે નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૭
માટેનો અઢારમો વાર્ષિક અહેવાલ રજૂ કરે છે.

રૂપવંત સિંહ, આઈ.એ.એસ.
સચિવ
ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ

વિષય-સૂચિ

જોડાણો ... ii
સંક્ષેપાક્ષર ... iii
અધ્યક્ષ સ્થાનેથી ... iv
૨૦૧૬-૧૭ની પ્રવૃત્તિ વિશેષતા ... vi

૧. આયોગનું વ્યવસ્થાતંત્ર ... ૦૧
૧.૧ આયોગ ... ૦૧
૧.૨ પૂર્વ જરૂરી સગવડો ... ૦૧
૧.૩ સ્ટાફ ... ૦૨

૨. આયોગના કાર્યો ... ૦૩
૨.૧ આદેશ ... ૦૩
૨.૨ કાર્યો ... ૦૩
૨.૩ વિનિયમો ... ૦૩

૩. નાણાકીય વર્ષ ૨૦૧૫-૧૬ દરમ્યાનની પ્રવૃત્તિઓ ... ૦૪
૩.૧ પ્રશુલ્ક નિર્ધારણ ... ૦૪
૩.૨ રાષ્ટ્રીય વિદ્યુત નીતિના પરિપ્રેક્ષ્યમાં વર્તમાન સ્થિતિ ... ૧૬
૩.૩ પ્રશુલ્ક નીતિના પરિપ્રેક્ષ્યમાં વર્તમાન સ્થિતિ ... ૧૮
૩.૪ પીટીશનો અને અપીલોનો નિકાલ ... ૨૬
૩.૫ વિવાદ અને મતભેદોનો ન્યાય નિર્ણય ... ૨૮
૩.૬ રાજ્ય સલાહકાર સમિતિ ... ૩૧
૩.૭ તાલીમ કાર્યક્રમ ... ૩૧
૩.૮ નિયંત્રક ફોરમની બેઠકો ... ૩૨
૩.૯ ભારતીય નિયંત્રક ફોરમની બેઠકો ... ૩૩
૩.૧૦ મહત્વપુર્ણ આદેશો/વિનિયમો ... ૩૩

૪. વાર્ષિક હિસાબો ... ૪૮

૫. ગુજરાતમાં ઉર્જા ક્ષેત્રનું ચિત્ર - એક દૃષ્ટિપાત ... ૫૦

જોડાણો

૧. આયોગનું આંતરિક માળખું ... ૬૦

૨. આયોગનો વ્યવસ્થા ચાર્ટ ... ૬૧

૩. વર્ષ ૨૦૧૬-૧૭ દરમ્યાન નિકાલ કરેલ પીટીશનોની વિગતો ... ૬૨

૪. ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગે અધિસુચિત કરેલા વિનિમયો / આદેશોની યાદી ... ૬૯

૫. ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમની કચેરીની વિગત ... ૭૨

૬. વર્ષ ૨૦૧૬-૧૭ દરમ્યાન ગ્રાહક તકરાર નિવારણ ફોરમની કામગીરી ... ૭૪

૭. વર્ષ ૨૦૧૬-૧૭ દરમ્યાન વિદ્યુત લોકપાલની કામગીરી ... ૭૬

૮. વર્ષ ૨૦૧૬-૧૭ દરમ્યાન નિકાલ કરેલ ફરિયાદોની પ્રકારવાર યાદી ... ૭૫

૯. રાજ્ય સલાહકાર સમિતિની રચના ... ૭૮

સંક્ષેપાક્ષરો

ABT	પ્રાપ્યતા આધારિત પ્રશુલ્ક
ARR	એકંદર મહેસુલ જરૂરિયાત
BPL	*ગરીબી રેખા નીચે*
CEI	મુખ્ય વીજળી નિરીક્ષક
CERC	કેન્દ્રીય વિદ્યુત નિયંત્રક આયોગ
CERS	ગ્રાહક શિક્ષણ અને સંશોધન સોસાયટી
CIRE	કેન્દ્રીય ગ્રામ્ય વીજળીકરણ સંસ્થા
CPP	કેપ્ટીવ વિજ પ્લાન્ટ
DGVCL	દક્ષિણ ગુજરાત વિજ કંપની લિમિટેડ
DSM	માંગ તરફનું વ્યવસ્થાપન
EI	વિદ્યુત નિરીક્ષક
ESCI	ભારતીય ઇજનેરી સ્ટાફ કોલેજ
FOIR	ભારતીય નિયંત્રક ફોરમ
FOR	નિયંત્રક ફોરમ
FPPPA	બળતણ ભાવ અને વિજ ખરીદી સમાયોજન
GEB	ગુજરાત વિદ્યુત બોર્ડ
GERC	ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ
GETCO	ગુજરાત વિજ પ્રવહન નિગમ લિમિટેડ
GSECL	ગુજરાત રાજ્ય વીજળી નિગમ લિમિટેડ
GUVNL	ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ
IIT	ભારતીય ટેકનોલોજી સંસ્થા
IOC	ઇન્ડિયન ઓઈલ કોર્પોરેશન
KPT	*કંડલા પોર્ટ ટ્રસ્ટ*
NTCT	રાત્રિ સમય રાહત પ્રશુલ્ક
MUPL	*એમપીસેઝ યુટીલીટીઝ પ્રા. લી.*
MTR	*મધ્ય સત્રીય સમીક્ષા*
MGVCL	મધ્ય ગુજરાત વિજ કંપની લિમિટેડ
PDCRC	કાયમી જોડાણ કાપ તથા ગ્રાહક પુર્નજોડાણ
PGVCL	પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ
POC	સમાંતર કાર્યદર
PPA	વિજ ખરીદી સમજૂતી
SSNNL	સરદાર સરોવર નર્મદા નિગમ લિ.
SLDC	રાજ્ય વિજભાર રવાનગી કેન્દ્ર
SAFIR	દક્ષિણ એશિયા આંતર-માળખાકીય વિનિયમ ફોરમ
TEL	*ટોરેન્ટ એનર્જી લિમિટેડ*
TPL	ટોરેન્ટ પાવર લિમિટેડ
ToU	*વપરાશનો સમય*
ToD	*દિવસનો સમય*
UGVCL	ઉતર ગુજરાત વિજ કંપની લિમિટેડ

અધ્યક્ષ સ્થાનેથી

છેલ્લા એક દાયકાથી વધુ સમયથી, એક નિયંત્રક આયોગ તરીકે ગુજરાત વિદ્યુત નિયંત્રણ આયોગ ગુજરાતના ઊર્જા ક્ષેત્રે ઊર્જા ઉત્પાદન, નાણાકીય સ્થિરતા, સંગઠનાત્મક માળખું અને વધુ અગત્યના એવા ગતિશીલતાના સંદર્ભમાં પરિવર્તન માટે મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહ્યુ છે.

આ અહેવાલનું વર્ષ આયોગ માટે ઘણા બધા દ્રષ્ટિકોણથી ખુબ અગત્યનું હતું. વર્ષ દરમ્યાન, આયોગ દ્વારા તમામ પક્ષકારોને નિયમનકારી નિશ્ચિતતા અને સાતત્યતા પ્રદાન કરવા માટે વિવિધ પગલાં લેવામાં આવ્યાં, જે અંતર્ગત અગત્યના વિનિયમો જેવા કે વિદ્યુત પુરવઠા સંહિતા અને પ્રશુલ્ક દર વિનિયમોમાં આયોગના અનુભવ,વિગતવાર વિશ્લેષણ તેમજ યુટિલિટિઝ અને ગ્રાહકો સાથે ચર્ચા કરવામાં આવ્યાં. તેવી જ રીતે, નવા વિનિયમો બહાર પાડવામાં આવ્યાં, જેમાં પુનઃ પ્રાપ્ય ઉર્જા સ્ત્રોતમાંથી વિજ ઉત્પાદનને પ્રોત્સાહન. તેના પ્રશુલ્ક દર અને તેનું ગ્રીડ સાથેનું જોડાણ તેમજ ગ્રીડ વ્યવસ્થા સુનિશ્ચિત કરવાનો સમાવેશ થાય છે. સોલાર રૂફ ટોપ માટે નેટ મીટરિંગ વિનિયમો, સ્પર્ધાત્મક બિડીંગ માચે પવન આધારિત, નાના-જળ આધારિત અને કચરા આધારિત ઉર્જા પ્રોજેક્ટસ માટે સામાન્ય પ્રશુલ્ક દર આદેશ જાહેર કરવામાં આવ્યાં. વધુમાં ગ્રીડ સલામતીમાં બાંધછોડ કર્યા વગર પવન અને સૌર ઉર્જા આધારિત વિજ ઉત્પાદનને ગ્રીડમાં મોટા પાયા પર સંમિલિત કરવા સૌર અને પવન ઉર્જા આધારિત ઉત્પાદનની આગાહી અને સુનિશ્ચિતતા વિનિયમોનો મુસદ્દો તૈયાર કરવામાં આવ્યો. આયોગ દ્વારા રાજ્યના બાયોમાસ અને બાયોગેસ આધારિત ઉર્જા પ્રોજેક્ટસની સંભવિત ક્ષમતા અને તેની કિંમત સાથે તેના બજારની સ્થિતી જાણવા માટે એક અભ્યાસ સોંપવામાં આવેલ, જેથી આ પ્રોજેક્ટસ માટે સંતુલિત સામાન્ય પ્રશુલ્ક દર નિર્ધારણ અંગે કામગીરી કરી શકાય. આધુનિક ટેકનોલોજીના લાભો મેળવવા માટે સ્માર્ટ ગ્રીડ અને ડિમાન્ડ સાઇડ મેનેજમેન્ટના ક્ષેત્રોમાં કામગીરી હાથ ધરવા માટે કમિશન સતત યુટિલિટિઝને પ્રોત્સાહન આપે છે. આયોગે રાજ્યમાં વિતરણ પરવાનેદારના "ડોમેસ્ટિક એફીસિયન્ટ લાઇટિંગ પ્રોગ્રામ " ને મંજુરી આપી છે, જેના પરિણામે દેશમાં એલઇડી લેમ્પ્સનું સોથી વધુ સંખ્યામાં વિતરણ કરવામાં આવ્યું છે. આયોગે ઉર્જા પુન : પ્રાપ્ય સ્ત્રોતોમાંથી ઉત્પાદનને પ્રોત્સાહન આપીને પર્યાવરણીય મુદ્દાઓનું સમાધાન કરવા અને વિતરણ પરવાનેદારો માટે પુન : પ્રાપ્ય સ્ત્રોતોમાંથી ઉર્જા ખરીદીની જવાબદારી (RPPO) ના લક્ષ્યોને નિયત કરવા માટેના આદેશો જાહેર કર્યા છે.

આયોગ એવા જૂજ આયોગોમાનું એક છે, જે નિયમિત અને સમયસર પ્રશુલ્ક દર આદેશ બહાર પાડી રાજ્યમાં મજબુત નાણાકીય સ્થિતિ સાથે યુટિલિટિઝ ધરાવે છે. જેના પરિણામે આર્થિક રીતે સ્વસ્થ યુટિલિટિઝ નવું ઇન્ફ્રાસ્ટ્રચર ઉભું કરવા અને હયાત ઇન્ફ્રાસ્ટ્રચરને મજબૂત કરવા મોટા પ્રમાણમાં રોકાણ કરી તમામ શ્રેણીના ગ્રાહકોને ગુણવત્તાયુક્ત ઉર્જા પુરી પાડી રહ્યાં છે. કામગીરી વિનિયમોના ધોરણો પ્રમાણે નિર્ધારિત લક્ષ્યાંકો સામે આયોગ દ્વારા નિયમિત પણે તેમની દેખરેખ રાખવામાં આવે છે. જે યુટિલિટિઝને સમયસર પગલાં લઇ લક્ષ્યાંક સિધ્ધ કરવા સુનિશ્ચિત કરે છે. રાજ્ય માટે ખુબ જ ગર્વની બાબત એ છે કે, રાજ્ય માલિકીની DISCOMs ને ઉર્જા મંત્રાલય દ્વારા સતત "A+" રેટિંગ આપવામાં આવી રહ્યું છે.

ગ્રાહતનું હિત હંમેશા આયોગ માટે પ્રાથમિકતા છે. આયોગ સ્વતંત્ર વિદ્યુત લોકપાલ અને વિવિધ ફરિયાદ નિવારણ ફોરમ દ્વારા વિજ ગ્રાહકોની ફરિયાદોના નિવારણ માટે જરૂરી તમામ પગલાં લઇ રહ્યું છે. વિદ્યુત ક્ષેત્રે સહાયક વાતાવરણ ઉભું કરવા માટે, આયોગ રાજ્ય સલાહકાર સમિતિ, સંકલન ફોરમ છકી અલગ-અલગ સમયે વિવિધ મુદ્દાઓ ગ્રાહક સંસ્થાઓ, ઉદ્યોગ સંગઠનોના પ્રતિનિધિઓ, અગ્રણી નાગરિકો -વ્યક્તિઓ, ક્ષેત્ર તજ્ઞો અને યુટિલિટિઝ સાથે વારંવાર વિચાર કરી સલાહકાર પ્રક્રિયાને અનુસરે છે.

ક્ષેત્રીય ગતિશીલતા ચકાસવા અને સુધારરની જરૂર હોય તેવી બાબતો શોધવા માટે આયોગ વિવિધ અભ્યાસ કરાવે છે. વિધુત કાયદાના સફળ અમલ માટે કુશળ માનવશક્તિની ઉપલબ્ધતા પર ભાર મુકે છે. વિવિધ મુદ્દાઓને કેન્દ્રમાં રાખી અધિકારીઓને સતત તાલીમ આપવામાં આવે છે. એજ રીતે, આયોગ યુટિલિટિઝ અને અન્યોને સ્ટાફના ક્ષમતાનિર્માણ અને કૌશલ્ય વર્ધન કાર્યક્રમો વગેરેના આયોજન માટે પ્રોત્સાહિત કરે છે. ગુજરાતમાં ત્વરિત એકંદર ઉર્જા વૃધ્ધિ તેમજ તમામ શ્રેણીના ગ્રાહકો માટે સલાહકાર અને ઉકેલ પ્રદાતા સંસ્થા તરીકે આયોગને ઉપલબ્ધ બનાવવું એ આયોગનું એક દ્રષ્ટિબિંદુ છે.

સમગ્ર દેશમાં ઉર્જા ક્ષેત્રે અન્ય રાજ્યો માટે એક આદર્શ રાજ્ય બનાવવામા એક સહાયત અમારા પ્રયાસ છે. વિધુત ક્ષેત્રે ગુજરાત રાજ્ય જવલંત કામગીરીથી વિકાસની યાત્રા સતત ચાલુ રાખશે. તેવા વિશ્વાસ સાથે હું આયોગનો નાણાકીય વર્ષ ૨૦૧૬-૧૭ માટે ૧૮મો વાર્ષિક અહેવાલ રજુ કરૂં છું.

આનંદ કુમાર
અધ્યક્ષ

વર્ષ ૨૦૧૬-૧૭ની પ્રવૃત્તિ વિશેષતા.

પ્રશુલ્ક નિર્ધારણ

નાણાંકીય વર્ષ ૨૦૧૫-૧૬નું ટ્રુ-અપ અને નાણાંકીય વર્ષ ૨૦૧૭-૧૮નું પ્રશુલ્ક નિર્ધારણ

વર્ષ દરમ્યાન, રાજ્યમાં કાર્યરત ૧૨ પરવાનેદારો માટેનાં નાણાંકીય વર્ષ ૨૦૧૫-૧૬ના ટ્રુ-અપ અને નાણાંકીય વર્ષ ૨૦૧૭-૧૮ના પ્રશુલ્ક નિર્ધારણ આદેશ આયોગે બહાર પાડેલા છે.

પીટીશનો અને પરચૂરણ અરજીઓનો નિકાલ :-

આયોગ દ્વારા વર્ષ ૨૦૧૬-૧૭ દરમ્યાન ૩૭ પીટીશનો નિકાલ કરવામાં આવેલ હતો. વર્ષ ૨૦૧૬-૧૭ દરમ્યાન પરવાના અરજી મળેલ નથી.

નીચે દર્શાવેલ વિગતે બેઠકો યોજવામાં આવેલ હતી.

- રાજ્ય સલાહકાર સમિતિ : ૨૩મી બેઠક ગીફ્ટ સીટી ગાંધીનગર ખાતે તા. ૨૩ જાન્યુઆરી, ૨૦૧૭
- રાજ્ય સંકલન સમિતિ : ૧૭મી બેઠક ગીફ્ટ સીટી ગાંધીનગર ખાતે તા. ૨૭ મે, ૨૦૧૬
  ૧૮મી બેઠક કોન્ફરન્સ રૂમ, સર્કિટ હાઉસ, રાજકોટ ખાતે તા. ૨૫ જાન્યુઆરી, ૨૦૧૭
- ગ્રાહક તકરાર નિવારણ ફોરમ : ૨૧મી બેઠક ગીફ્ટ સીટી ગાંધીનગર ખાતે તા. ૧૯ મે, ૨૦૧૬

નાણાકીય વર્ષ ૨૦૧૬-૧૭ દરમિયાન ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ દ્વારા નીચે મુજબના વિનિમયો બહાર પાડવામાં આવ્યાં.

- ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (નેટ મીટરિંગ રૂફટોપ સોલાર પીવી ગ્રીડ ઇન્ટરેક્ટીવ સિસ્ટમ માટેના વિનિયમો) જાહેરનામા નં. ૫/૨૦૧૬
- ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (વિદ્યુત પુરવઠા સંહિતા અને અનુષાંગિક બાબતો) (પહેલો સુધારો) વિનિયમો-૨૦૧૬, જાહેરનામા નં. ૬/૨૦૧૬
- ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (બહુ વર્ષીય પ્રશુલ્ક) (પહેલો સુધારો) વિનિયમો-૨૦૧૬, જાહેરનામા નં. ૭/૨૦૧૬

૧. આયોગનું વ્યવસ્થાતંત્ર

૧.૧ આયોગ

શ્રી આનંદકુમાર સાહેબે ૫ એપ્રિલ, ૨૦૧૬ના રોજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગનાં અધ્યક્ષ તરીકે શપથ લીધા. શ્રી કે. એમ. શ્રીંગારપુરે અને શ્રી પી. જે. ઠક્કરે જીઇઆરસીના સભ્ય તરીકે સેવાઓ પ્રદાન કરી. વર્ષ દરમ્યાન શ્રી રૂપવંત સિંહ, આઇ.એ.એસ. આયોગના સચિવ હતાં.

આયોગની કચેરી

૧.૨ પૂર્વ જરૂરી સગવડો

કચેરીનું મકાન :-

આયોગે ગીફ્ટ સીટી, રોડ-૫ સી, ઝોન-૫, ગાંધીનગર-૩૮૨૩૫૫ ખાતે પોતાની માલિકીની ગીફ્ટ-૧ ટાવરમાં છઠ્ઠા માળે કચેરી ધરાવે છે. જે આયોગને અનુરૂપ બેઠક ખંડ અને આયોગની કામગીરી અને સુનાવણી માટે કોર્ટ રૂમ ધરાવે છે. આયોગ અગાઉની સરખામણી એ કામગીરી માટે વધુ સારી સવલતો અને વિશાળ કોર્ટ રૂમ ધરાવે છે.

સ્થાનિક વિસ્તાર નેટવર્ક વેબસાઈટ :-

આયોગની કચેરીની કોમ્પ્યુટર સિસ્ટમ એલ.એ.એન. (LAN) મારફ્તે જોડી છે. કોઈ પણ સંદર્ભમાં માહિતી પ્રાપ્ત કરવાઆયોગની પોતાની વેબસાઈટ (www.gercin.org) છે. જેને આયોગની કચેરી નિયમિત જાળવે છે અને અધ્યતન રાખે છે.

સુનાવણી નિયત સમયપત્રકો, સમાચાર, અધ્યતન સામગ્રી, આદેશો મુકવા તથા વિભાવનાના પેપર્સ અંગે અભિપ્રાયો મંગાવવા, વિનિયમો, પીટીશનો પ્રસિધ્ધ કરવા વેબસાઈટ વપરાય છે. ગ્રાહકોને તેમની ફરિયાદો ના નિવારણ માટે ફોરમ અને વિદ્યુત લોકપાલ અંગે પણ માહિતી પૂરી પાડવામાં આવે છે. તથા ગ્રાહકોની ફરિયાદોના નિવારણ માટે માર્ગદર્શન આપે છે. વધુમાં વેબસાઈટ ઉપર ડાઉનલોડ કરી શકાય તેવા ઢાંચામાં અધિસૂચિત વિનિયમો, આદેશો અને માહિતી અધિકાર કાયદો ૨૦૦૫ની વિગતો પણ ઉપલબ્ધ છે.

૧.૩ સ્ટાફ

આયોગનો સ્ટાફ સીધી ભરતીથી કે કરાર કે પ્રતિનિયુક્તિના ધોરણે નિયુક્ત કરાય છે. જોડાણ-૧માં આયોગના સ્ટાફની સ્થિતિ અને જોડાણ-૨માં આયોગના વ્યવસ્થાતંત્રનો ચાર્ટ દર્શાવ્યો છે. તા. ૩૧-૦૩-૨૦૧૭ ના રોજ આયોગના અધિકારીઓ અને સ્ટાફની વિગતો આપેલ પત્રક મુજબ છે.

ક્રમ	કર્મચારીનું નામ	હોદ્દો
૧	શ્રી રૂપવંત સિંહ, આઈ.એ.એસ.	સચિવ
૨	શ્રી. એસ. આર. પાન્ડે	કાનુની સલાહકાર
૩	શ્રી ડી. આર. પરમાર	સંયુક્ત નિયામક (ટેરીફ)
૪	શ્રી એસ. ટી. અનડા	સંયુક્ત નિયામક(ટેકનીકલ)
૫	શ્રી પી. જે. જાની	નાયબ નિયામક (કાનુની) અને ઇન્ચાર્જ હિસાબી અધિકારી
૬	શ્રી કાન્તી જે ભુવા	નાયબ નિયામક (ટેકનીકલ)
૭	શ્રી એ. યુ. અધ્વર્યુ	નાયબ નિયામક (ટેરીફ)
૮	શ્રી જીજ્ઞેશ મકવાણા	એક્ઝીક્યુટીવ
૯	શ્રીમતી કાજલ બી. ચૌધરી	એક્ઝીક્યુટીવ
૧૦	શ્રી ઉમેશ એ. ગોર	એક્ઝીક્યુટીવ
૧૧	શ્રી અભિષેક મકવાણા	એક્ઝીક્યુટીવ
૧૨	શ્રી સંતોષકુમાર અસીપુ	એક્ઝીક્યુટીવ
૧૩	શ્રી વશીમ અખ્તર અંસારી	એક્ઝીક્યુટીવ
૧૪	શ્રી રૂપેશ જી. જાદવ	એક્ઝીક્યુટીવ
૧૫	શ્રી રૂચીક કે. સોલા	એક્ઝીક્યુટીવ
૧૬	શ્રી કેતન એમ. થાનકી	એક્ઝીક્યુટીવ
૧૭	શબાના બશીરભાઇ દલ	એક્ઝીક્યુટીવ
૧૮	શ્રી પી. આર. શશી	અંગત મદદનીશ
૧૯	શ્રી આર. જી. પિલ્લાઈ	અંગત મદદનીશ
૨૦	શ્રીમતી પી. એ. ક્રિશ્ચિયન	અંગત મદદનીશ
૨૧	શ્રી પી. એસ. મિસ્ત્રી	અંગત મદદનીશ
૨૨	શ્રીમતી હેતલ કેતન થાનકી	રીસેપ્શનીષ્ટ-કમ-ક્લાર્ક

- **આ ઉપરાંત આયોગમાં પાંચ ડ્રાયવર કમ એટેન્ડન્ટ અને અન્ય ચાર પટ્ટાવાળા છે.**

૨. આયોગના કાર્યો.

૨.૧ આદેશ (મેન્ડેટ)

૨૦૦૩ના વિજળી અધિનિયમનું ધ્યેય વિજળીના, ઉત્પાદન, પ્રવહન, વિતરણ, વેપાર અને ઉદ્યોગને લગતા કાયદાઓનું એકત્રીકરણ, સામાન્ય રીતે વિજળી ઉદ્યોગના વિકાસના વાહક પગલાં લેવા. તેમાં સ્પર્ધાને ઉત્તેજન, ગ્રાહકોના હિતોનું રક્ષણ, તમામ વિસ્તારમાં વિજળીનો પુરવઠો સુનિશ્ચિત કરવાનું વિજળી પ્રશુલ્કનું સુઆયોજન, આર્થિક સહાયકીયને લગતી પારદર્શક નીતિઓ સુનિશ્ચિત કરવાનું, કાર્યદક્ષ અને પર્યાવરણની દ્રષ્ટિએ હિતકારક નીતિઓને પ્રોત્સાહન, કેન્દ્રીય વિજતંત્ર આયોગની રચના તથા વિજળી માટે અપીલ પંચની સ્થાપના કરવાનું છે. ગ્રાહકો તેમજ વિજ પુરવઠાકારોના હિતને લક્ષમાં રાખીને ખુલ્લા નિષ્પક્ષ સ્પર્ધાત્મક બજાર સંચાલિત વાતાવરણમાં વિજળી ક્ષેત્રના વિકાસને વાહક સમક્ષ માળખું ઉભુ કરવાનું પણ તેનું ધ્યેય છે. આ સંદર્ભમાં વિજળી, અધિનિયમમાં વિચારાયેલ ઉદ્દેશો સાકાર કરવા આયોગની ભુમિકા સૌથી અગત્યની છે.

૨.૨ કાર્યો :

૨૦૦૩ ના વિજળી અધિનિયમની કલમ-૮૬ અનુસાર આયોગને નીચેના કાર્યો હાથ ધરવા આદેશ આપ્યો છે.

(ક) રાજ્યની અંદર જથ્થાબંધ મોટા જથ્થામાં કે છુટક કે જે હોય તે પ્રમાણે વિજળીના ઉત્પાદન, પુરવઠા, પ્રવહન અને વ્હીલીંગ માટે પ્રશુલ્ક નક્કી કરવું.

(ખ) રાજ્યની અંદર વિજ ઉત્પાદન કંપનીઓ કે પરવાનેદારો પાસેથી અથવા વિતરણ અને પુરવઠા માટે વિજ ખરીદીની સમજુતીઓ મારફત બીજા સ્ત્રોતોમાંથી જે ભાવે વિજળી મેળવવાની હોય તે સહિત વિતરણ પરવાનેદારોની વિજ ખરીદી અને પ્રાપ્તિ પ્રક્રિયા નિયંત્રણ કરવી.

(ગ) આંતર રાજ્ય વિજ પ્રવહન અને વ્હીલીંગની સગવડ કરવી.

(ઘ) પ્રવહન પરવાનેદારો, વિતરણ પરવાનેદારો અને વિજળીના વેપારીઓને રાજ્યમાં તેમની કામગીરી સબંધમાં કામ કરવા માગતી વ્યક્તિઓને લાઈસન્સ આપવા.

(ચ) ગ્રીડ સાથેના જોડાણ માટે યોગ્ય પગલાંની જોગવાઈ કરીને, નવીનીકરણ પાત્ર સાધનોમાંથી વિજળીના સહઉત્પાદન અને ઉત્પાદન પણ વ્યક્તિને વેચાણ માટે પ્રોત્સાહન આપવું અને આવા સાધનોમાંથી વિજળીની ખરીદી માટે વિતરણ લાઈસન્સના વિસ્તારમાં વિજળીના કુલ વપરાશની ટક્કાવારી પણ નક્કી કરવી.

(છ) પરવાનેદારો અને વિજ ઉત્પાદન કંપનીઓ વચ્ચેની તકરારો અંગે ન્યાય નિર્ણય આપવો અને લવાદને કોઈ તકરાર અંગે પૂછાણ કરવું.

(જ) અધિનિયમ હેતુસર ફી વસુલ કરવી.

(ઝ) અધિનિયમની કલમ-૭૯ની પેટા કલમ (૧)ના ખંડ અન્વયે કેન્દ્રીય વિજ નિયંત્રણ આયોગ દ્વારા નિર્દિષ્ટ ગ્રીડ કોડ સાથે સુસંગત રાજ્ય ગ્રીડ કોડ નિર્દિષ્ટ કરવો.

(ટ) પરવાનેદારોની સર્વિસને ગુણવતા સાતત્ય અને વિશ્વનીયતા સંબંધમાં ધોરણો નિર્દિષ્ટ કરવા અને અમલમાં મુકવા.

(ઠ) જરૂરી લાગે તો વિજળીના આંતરરાજ્ય વેપાર અંગેનો માર્જિન નક્કી કરવો.

(ડ) અધિનિયમ અન્વયે તેમને સોપવામાં આવે તેવા બીજા કાર્યો બજાવવા.

૨.૩ વિનિયમો

આયોગો જુદી-જુદી ૪૧ બાબતો અંગે વિનિયમો/જાહેરનામા/આદેશ પ્રસિદ્ધ કર્યા. જે અગાઉના આદેશના સ્થાને નવા આદેશ હતા અથવા સુધારા આદેશ હતા. જેની વિગત જોડાણ-૪ માં દર્શાવેલી છે.

૩. નાણાકીય વર્ષ ૨૦૧૬-૧૭ દરમ્યાન થયેલ પ્રવૃતિઓ

૩.૧ પ્રશુલ્ક દર નિર્ધારણ :

રાજ્યમાં નીચે દર્શાવ્યા મુજબની કંપનીઓ માટે વર્ષ દરમ્યાન આયોગે બહુવર્ષીય પ્રશુલ્ક આદેશો જારી કર્યા જેમાં GERC (MYT) વિનિયમો, ૨૦૧૧ આધારે નાણાકીય વર્ષ ૨૦૧૫-૧૬ ના ટ્રુ-અપ નાણાકીય વર્ષ ૨૦૧૬-૧૭ ના અંતીમ A RRને મંજુરી. નાણાકીય વર્ષ ૨૦૧૬-૧૭ થી વર્ષ ૨૦૨૦-૨૧ માટે ના બહુવર્ષીય ARR ને મંજુરી અને GERC (MYT) વિનિયમો, ૨૦૧૬ મુંજબ નાણાકીય વર્ષ ૨૦૧૭-૧૮ના પ્રશુલ્ક દર નિર્ધારણનો સમાવેશ થાય છે.

(૧) ગુજરાત સ્ટેટ ઇલેક્ટ્રીસીટી કોર્પોરેશન લી. (GSECL) - રાજ્ય વિજ ઉત્પાદક કંપની.
(૨) ગુજરાત એનર્જી ટ્રાન્સમિશન કોર્પોરેશન લી. વડોદરા (GETCO) - રાજ્ય વિજ પ્રવહન કંપની.
(૩) સ્ટેટ લોડ ડિસ્પેમચ સેન્ટર (SLDC)
(૪) દક્ષિણ ગુજરાત વિજ કંપની લી. (DGVCL) - દક્ષિણ ગુજરાતની વિજ વિતરણ કંપની.
(૫) મધ્ય ગુજરાત વિજ કંપની લી. (MGVCL) - મધ્ય ગુજરાતની વિજ વિતરણ કંપની.
(૬) પશ્ચિમ ગુજરાત વિજ કંપની લી. (PGVCL) - પશ્ચિમ ગુજરાતની વિજ વિતરણ કંપની.
(૭) ઉત્તર ગુજરાત વિજ કંપની લી. (UGVCL) - ઉત્તર ગુજરાતની વિજ વિતરણ કંપની.
(૮) MPSEZ યુટિલિટિઝ પ્રા.લી. (MUPL) - મુન્દ્રા SEZ વિસ્તાર માટે ખાનગી માલિકીની વિજ વિતરણ કંપની.

કંપનીનું નામ	ફાઇલ કર્યા તારીખ	રજીસ્ટ્રેશન તારીખ અને કેસ નં.	સુચનો/વાધાંઓ રજૂ કરેલ હોય તેવા પક્ષકારોની સંખ્યા	જાહેર સુનાવણીની તારીખ	પ્રશુલ્ક દર જાહેર કર્યા તારીખ
GSECL	૩૦.૧૧.૨૦૧૬	૦૩.૧૨.૨૦૧૬ અને ૧૬૧૯/૨૦૧૬	૬	૦૮.૦૨.૨૦૧૭	૩૧.૦૩.૨૦૧૭
GETCO	૩૦.૧૧.૨૦૧૬	૦૩.૧૨.૨૦૧૬ અને ૧૬૨૦/૨૦૧૬	૫	૦૮.૦૨.૨૦૧૭ અને ૧૪.૦૨.૨૦૧૭	૩૧.૦૩.૨૦૧૭
SLDC	૩૦.૧૧.૨૦૧૬	૦૩.૧૨.૨૦૧૬ અને ૧૬૨૧/૨૦૧૬	૩	૦૮.૦૨.૨૦૧૭ અને ૧૪.૦૨.૨૦૧૭	૩૧.૦૩.૨૦૧૭
DGVCL	૩૦.૧૧.૨૦૧૬	૦૩.૧૨.૨૦૧૬ અને ૧૬૨૩/૨૦૧૬	૧૮	૦૯.૦૨.૨૦૧૭ અને ૧૪.૦૨.૨૦૧૭	૩૧.૦૩.૨૦૧૭
MGVCL	૩૦.૧૧.૨૦૧૬	૦૩.૧૨.૨૦૧૬ અને ૧૬૨૪/૨૦૧૬	૧૯	૦૯.૦૨.૨૦૧૭ અને ૧૪.૦૨.૨૦૧૭	૩૧.૦૩.૨૦૧૭
PGVCL	૩૦.૧૧.૨૦૧૬	૦૩.૧૨.૨૦૧૬ અને ૧૬૨૫/૨૦૧૬	૨૬	૦૯.૦૨.૨૦૧૭ અને ૧૪.૦૨.૨૦૧૭	૩૧.૦૩.૨૦૧૭
UGVCL	૩૦.૧૧.૨૦૧૬	૦૩.૧૨.૨૦૧૬ અને ૧૬૨૨/૨૦૧૬	૨૦	૦૯.૦૨.૨૦૧૭ અને ૧૪.૦૨.૨૦૧૭	૩૧.૦૩.૨૦૧૭
MUPL	૧૪.૧૨.૨૦૧૬	૧૭.૧૨.૨૦૧૬ અને ૧૬૩૧/૨૦૧૬	૨	૦૮.૦૨.૨૦૧૭ અને ૧૪.૦૨.૨૦૧૭	૩૧.૦૩.૨૦૧૭

બહુવર્ષીય પ્રશુલ્ક દર આદેશોની વિશેષતા વિગતવાર નીચે મુંજબ છે.

(એ) ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રીસીટી કોર્પોરેશન લી. (GSECL) **- રાજ્ય વિજ ઉત્પાદક કંપની**

GSECL એ રાજ્યની માલીકીની ગુજરાતની વિજ ઉત્પાદક કંપની છે અને રાજ્યના વિજ પરવાનેદારો માટે વિજળી મુખ્યસ્ત્રોતો માંથી એક છે.

નાણાકીય વર્ષ ૨૦૧૫-૧૬ દરમ્યાન ગુજરાત ઈલેક્ટ્રીસીટી કોર્પોરેશન લિ. (GSECL) **ની કામગીરી**

GSECL ના ઉર્જા વિજ મથકોનું વિજ ઉત્પાદન આયોગે ૧૧ એપ્રિલ, ૨૦૧૧ ના બહુવર્ષિય પ્રશુલ્ક આદેશ અન્વયે મંજુર કરેલ ૨૮૬૦૭ (MUs) સામે ખરેખર ૧૭૪૦૪.૨ (MUs) નું થયેલ હતું. કેટલાક મહત્વના સંચાલન પરિમાણોના સંદર્ભમાં GSECLની કામગીરી કોષ્ટકમાં દર્શાવ્યા મુંજબ રહી.

સંચાલન પરિમાણો	કામગીરી (તા. ૧૧-૦૪-૨૦૧૧)ો બહુવર્ષીય પ્રશુલ્ક આદેશ અન્વયે મંજૂર સામે ટ્રુ-અપમાં ખરેખર
Plant Availability Factor (PAF)	ઉકાઇ ગાંધીનગર (૧-૪) કે.એલ.ટી.પી.એસ.ઉત્તરન એક્ષ્ટેન્શન અને સિક્કા માટે બહુવર્ષીય પ્રશુલ્ક આદેશ અન્વયે મંજૂર કરતા ઓછો
Plant Load Factor(PLF)	તમામ મથકોમાં બહુવર્ષીય પ્રશુલ્ક આદેશ અન્વયે મંજૂર સ્તર કરતા PLF (Plant Load Factor) નીચા રહેલ હતાં.
વાસ્તવિક વધારાનો વપરાશ (Auxilliary Consumption)	ઉકાઇ જળ વિદ્યુત મથક અને ઉત્તરન એક્ષ્ટેન્શન શિવાય તમામ મથકોનો વાસ્તવિત વધારાનો વપરાશ (Auxilliary Consumption) બહુવર્ષીય પ્રશુલ્ક આદેશ અન્વયે મંજૂરી કરતાં વધુ હતો.
મથક ગરમી દર (Station Heat Rate)	ઉકાઇ -૬, ગાંધીનગર-૫, વણાકબોરી, ધુવારણ-૧ અને ૨ અને સિક્કા ૩-૪ સિવાય તમામ મથકોમાં ખરેખર મથક ગરમી દર (Station Heat Rate) બહુવર્ષીય પ્રશુલ્ક આદેશ મુજબ મંજૂર મથક ગરમી દર કરતાં વધારે હતો.
ગૌણ તેલ બળતણનો વપરાશ (Secondary Fuel Oil Consumption)	ખરેખર ગૌણ તેલ બળતણનો વપરાશ (Secondary Fuel Oil (Secondary Consumption) KLTPS (૧-૩) અને સિક્કા (૩-૪) સિવાય તમામ મથકો માટે બહુવર્ષીય પ્રશુલ્ક આદેશ મુજબ મંજૂર કરેલ સ્તર કરતાં ઓછો હતો.
પરિવહન ઘટ (Transit Loss)	ઉકાઇ (૧-૫) સિવાય તમામ મથકો માટે બહુવર્ષીય પ્રશુલ્ક આદેશ મુજબ મંજૂર કરેલ સ્તર કરતાં ઓછો હતો.

નાણાકીય વર્ષ ૨૦૧૫-૧૬ નું ટ્રુ-અપ

નાણાકીય વર્ષ ૨૦૧૫-૧૬ નું ટ્રુ-અપ કરતી વખતે, એકંદર મહેસુલી જરૂરિયાત (ARR)ના વિવિધ પરિબળોને કેસ નં. ૧૦૬૧/૨૦૧૧ અંતરગત MYT આદેશ તા. ૧૧, એપ્રિલ, ૨૦૧૧માં માન્ય કરેલ આંકડા સાથે સરખાવવામાં આવેલ હતા. નાણાકીય વર્ષ ૨૦૧૫-૧૬ માટે વધ અને ઘટની ગણતરી કરતી વખત આયોગ ટ્રુ-અપના દરેક પરિબળની ગણના કરવામાં આવી હતી. PPA આધારિત મથકોને બાદ કરતાં આયોગે કેસ નં. ૧૦૬૧/૨૦૧૧ તા. ૧૧ એપ્રિલ, ૨૦૧૧ માન્ય રાખેલ એકંદર મહેસુલી જરૂરિયાત ₹. ૧૬૭૪.૪૭ કરોડ નાણાકીય વર્ષ ૨૦૧૫-૧૬ માટે સુધારેલ એકંદર મહેસુલી જરૂરિયાત ₹. ૧૬૪૨.૫૩ કરોડ માન્ય રાખેલ હતી. નાણાકીય વર્ષ ૨૦૧૫-૧૬ ના ટ્રુ-અપમાં આયોગ દ્વારા ₹. ૨૩.૫૨ કરોડનો ચાખ્ખો નફો મંજુર કરવામાં આવ્યો હતો. વધુમાં મંજુર થયેલ આ ચોખ્ખા નફાને ₹. ૨૩.૫૨ કરોડને GUVNL દ્વારા DISCOM ને ૧૨ સરખા માસિક હપ્તામાં ફાળવવામાં આવેલ હતા.

નાણાકીય વર્ષ ૨૦૧૫-૧૬ થી વર્ષ ૨૦૨૦-૨૧ માટે બહુવર્ષીય ARRને મંજુરી

૬૩૯૪ સ્ઉની હયાત સ્થાપિત ક્ષમતા ઉપરાંત, જીઈઝન એ તેમનું ઉપયોગી આયુષ્ય ઉપરાંત અનુમાનિત ભાવિ ક્ષમતા પુર્ણ કરેલ કેટલાક યુનિટોને નિષ્ક્રિય કરવાનું આયોજન કરેલ. નિષ્ક્રિય

ક્રમ	યુનિટ/પ્રોજેક્ટનું નામ	ક્ષમતા (MW)	નિષ્ક્રિય/નિષ્ક્રિય કર્યા સમયાવધિ
નિષ્ક્રિય કરેલ યુનિટની વિગતો			
૧	ઉકાઇ (૧-૨)	૨૪૦	૩૧મી માર્ચ, ૨૦૧૮
૨	ગાંધીનગર (૧-૨)	૨૪૦	૩જી સપ્ટેમ્બર, ૨૦૧૮
૩	સિક્કા (૧-૨)	૨૪૦	૩૧મી માર્ચ, ૨૦૧૮
૪	ઉત્તરન	૧૩૫	૩૧મી જાન્યુઆરી, ૨૦૧૮
અનુમાનિત ભાવિ ક્ષમતાનો ઉમેરો			
૧	વણાકબોરી ૮	૮૦૦	૨૦૧૮-૧૯
૨	ધુવારણ STPS	૧૬૦૦	૨૦૨૦-૨૧

GSECLના મથકો માટે નિયંત્રિત સમયગાળાના પ્રત્યેક વર્ષ માટે વિવિધ કામગીરી પરિમાણો જેવે કે, PAF, PLF, વાસ્તવિક વધારાનો વપરાશ (Auxilliary Consumption)મથક ગરમી દર (Station Heat Rate) ગૌણ તેલ બળતણનો વપરાશ (Secondary Fuel Oil Consumption) અને પરિવહન ઘટ (Transit Loss) ને આયોગ દ્વારા MYT વિનિયમો, ૨૦૧૬ મુજબ મંજૂર કરવામાં આવ્યાં.

નિયંત્રિત સમયગાળાના પ્રત્યેક વર્ષ માટે GSECL ના મથકો માથી વિજ ઉત્પાદન આયોગ દ્વારા નીચે દર્શાવેલ કોષ્ટક મુજબ મંજૂર કરવામાં આવ્યાં.

GSECL ના મથકો માટે મંજૂર થયેલ વિજ ઉત્પાદન (MUs)

નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૭	નાણાંકીય વર્ષ ૨૦૧૭-૧૮	નાણાંકીય વર્ષ ૨૦૧૮-૧૯	નાણાંકીય વર્ષ ૨૦૧૯-૨૦	નાણાંકીય વર્ષ ૨૦૨૦-૨૧
૨૨,૨૨૯	૨૬,૬૮૧	૩૦,૨૦૫	૨૯,૮૫૦	૪૧,૭૯૧

નિયંત્રિત સમયગાળાના પ્રત્યેક વર્ષ માટે GSECL દ્વારા અનુમાનિત બળતણ ખર્ચ સામે આયોગ દ્વાર GSECL ના તમામ મથકો માટે બળતણ માટે બળતણ ખર્ચ પાછળ દર્શાવેલ કોષ્ટક મુજબ મંજૂર કરવામાં આવ્યાં.

GSECLના મથકો માટે અનુમાનિત અને મંજૂર નિયત ખર્ચ (₹. કરોડમાં)

નાણાંકીય વર્ષ	નાણાંકીય વર્ષ	નાણાંકીય વષ	નાણાંકીય વર્ષ	નાણાંકીય વર્ષ	નાણાંકીય વર્ષ
	૨૦૧૬-૧૭	૨૦૧૭-૧૮	૨૦૧૮-૧૯	૨૦૧૯-૨૦	૨૦૨૦-૨૧
GSECL દ્વારા					
અનુમાનિત	૬૮૪૮	૮૪૫૨	૯૫૦૦	૯૫૮૮	૧૩૧૪૩
આયોગ દ્વારા મંજૂર	૫૯૩૩	૭૦૫૪	૭૯૯૮	૭૮૮૬	૧૧૧૮૨

નિયંત્રિત સમયગાળાના પ્રત્યેક વર્ષ માટે આયોગ દ્વારા GESCL ના તમામ મથકો માટે ઉર્જા ખર્ચ નીચે દર્શાવેલ કોષ્ટક મુજબ નિયત કરવામાં આવ્યા.

GSECL દ્વાર અનુંમાનિત ઉર્જા ખર્ચ સામે આયોગ દ્વારાના તમામ મથકો માટે નિયત ખર્ચ (Fixed charges) નીચે દર્શાવેલ કોષ્ટક મુજબ મંજૂર કરવામાં આવ્યા.

GSECL ના મથકો માટે અનુમાનિત અને મંજૂર નિયત ખર્ચ (₹. કરોડમાં)

નાણાંકીય વર્ષ	નાણાંકીય વર્ષ	નાણાંકીય વષ	નાણાંકીય વર્ષ	નાણાંકીય વર્ષ	નાણાંકીય વર્ષ
	૨૦૧૬-૧૭	૨૦૧૭-૧૮	૨૦૧૮-૧૯	૨૦૧૯-૨૦	૨૦૨૦-૨૧
GSECL દ્વારા					
અનુમાનિત	૪૦૫૬	૪૦૮૧	૪૨૩૪	૪૨૮૬	૫૯૮૭
આયોગ દ્વારા મંજૂર	૩૭૦૧	૩૫૪૯	૩૯૪૨	૪૩૬૫	૫૬૭૧

આયોગ દ્વારા GSECL ને મહત્તમ કોલસાનો જથ્થો પશ્ચિમી કોલસાની ખાણોમાંથી મેળવી ભાડા - ખર્ચમાં બચત કરી બળતણ ખર્ચ ઘટાડવા માટે નિર્દેશો આપવામાં આવ્યા. GSECL ને GMDC સાથે વાતાઘાટો કરી લીગ્નાઇટ કોલસાની કિંમત ઘટાડવા અને હયાત ફ્યુઅલ સપ્લાય એગ્રીમેન્ટ (FSA) નો મહત્તમ અસરકારક ઉપયોગ કરવા તેમજ હયાત FSA પર બાકી લેણાં કે ચૂકવણાની જવાબદારીઓ, આયાતી કોલસાની ખરીદ પ્રક્રિયા અને FSA મહત્તમ અસરકારક ઉપયોગ બાબતે જરૂરી પગલાંનો સમાવેશ કરી વિગતવાર અહેવાલ રજૂ કરવા નિર્દેશ આપવામાં આવ્યો. વધુમાં ને મંજૂર અને ખરેખર મૂડી- ખર્ચ માં ૧૦% થી વધુ તફાવત માટે યોગ્ય ખુલાસા સાથેઆયોગને અગાઉથી જાણ કરવા માટે નિર્દેશ આપ્યા.

(બી) ગુજરાત એનર્જી ટ્રાન્સમિશન કોર્પોરેશન લી. વડોદરા (GETCO)

GETCO એ રાજ્ય વિજ પ્રવાહન કંપની છે. જે રાજ્યની મુખ્ય EHV નેટવર્કની માલકી ધરાવે છે. અને સંચાલન કરે છે.

નાણાકીય વર્ષ ૨૦૧૫-૧૬ દરમ્યાન GETCO ની કામગીરી

નાણાકીય વર્ષ ૨૦૧૫-૧૬ દરમ્યાન GETCO એ આયોગ દ્વારા માન્ય કરતા ઉંચી સિસ્ટમ ઉપલબ્ધતા અને નીચી સિસ્ટમ ઘટ સાથે સારી કામગીરી કરેલ છે. GETCO ની સિસ્ટમ ઉપલબ્ધતા નાણાકીય વર્ષ ૨૦૧૫-૧૬ માટે આયોગ દ્વારા તા. ૨૯ અપ્રિલ, ૨૦૧૪ના MTR આદેશથી મંજૂર ૯૮.૦૦% ની સામે ૯૯.૪૨% રહેલ હતી. GETCO એ સિસ્ટમ ઘટ આયોગ દ્વારા MTR/MYT આદેશથી મંજૂર સ્તર ૪.૧૦% થી ઓછી ૩.૬૮% સાથે નિયંત્રિત કરી.

નાણાકીય વર્ષ ૨૦૧૫-૧૬નું ટ્રુ-અપ

નાણાકીય વર્ષ ૨૦૧૫-૧૬નું ટ્રુ-અપ કરતી વખતે એકંદર મહેસૂલી જરૂરિયાત અને ખરેખર મહેસૂલના વિવિધ પરિબળોને મધ્યસત્રીય સમાક્ષા આદેશ કેશ નં. ૧૩૭૪૧/૨૦૧૩ તા. ૨૯ એપ્રિલ, ૨૦૧૪ના મંજૂર આંકડા સાથે સરખાવવામાં આવેલ હતાં. નાણાકીય વર્ષ ૨૦૧૫-૧૬ માટે વધ અને ઘટની ગણતરી કરતી વખતે આયોગ દ્વારા ટ્રુ-અપના દરેક પરિબળની ગણના કરવામાં આવી હતી. આયોગે તા. ૨૯ એપ્રિલ, ૨૦૧૧ MTR આદેશથી માન્ય રાખેલ એકંદર મહેસૂલી જરૂરિયાત ₹. ૨૭૭૦.૬૭ કરોડ સામે નાણાકીય વર્ષ ૨૦૧૫-૧૬ માટે સુધારેલ એકંદરે મહેસૂલી જરૂરિયાત ₹. ૨૭૨૧.૦૧ કરોડ માન્ય રાખેલ હતી. વધુમાં, નામદાર એપ્લેટ ટ્રિબ્યુનલ ફોર ઇલેક્ટ્રીસીટી (APTEL) ના તા. ૦૩ જાન્યુઆરી, ૨૦૧૭ના આનુંષંગિક આદેશની અસરથી વર્ષ ૨૦૧૫-૧૬ માં આયોગ ₹. ૧૦.૮૫ કરોડના તફાવતે પહોંચેલ છે.

નાણાકીય વર્ષ ૨૦૧૬-૧૭ થી વર્ષ ૨૦૨૦-૨૧ માટે બહુવર્ષીય ARR **ને મંજુરી**

નાણાકીય વર્ષ ૨૦૧૬-૧૭ થી વર્ષ ૨૦૨૦-૨૧ ના નિયંત્રિત સમયગાળ માટે ટ્રાન્સમિશન સિસ્ટમ અને આયોજન ટ્રાન્સમિશન લાઇન :

નાણાંકીય વર્ષ	નાણાંકીય વર્ષ	નાણાંકીય વષ	નાણાંકીય વર્ષ	નાણાંકીય વર્ષ	નાણાંકીય વર્ષ	કુલ
	૨૦૧૬-૧૭	૨૦૧૭-૧૮	૨૦૧૮-૧૯	૨૦૧૯-૨૦	૨૦૨૦-૨૧	
કુલ લાઇન કિમીમાં	૨૬૦૦	૨૭૧૬	૨૮૨૯	૨૮૦૯	૨૮૮૭	૧૩૮૪૧
કુલ આયોજિત સબસ્ટેશન સંખ્યા	૧૦૦	૧૦૦	૮૦	૮૦	૮૦	૪૪૦
GETCO પર અપક્ષિત કુલ લોડિંગ MW માં						
GSECL મથકો	૫૫૫૯	૫૧૨૭	૫૮૮૧	૫૮૮૧	૭૩૮૭	૨૯૮૩૫
IPPs	૬૫૫૪	૬૫૫૪	૫૯૧૮	૫૯૧૮	૫૯૧૮	૩૦૮૬૨
કેન્દ્રિય ક્ષેત્રનો હિસ્સો	૫૩૪૭	૬૧૨૬	૬૩૨૯	૬૬૬૩	૬૭૩૧	૩૦૧૯૬
CPP વ્હીલિંગ	૨૭૯	૨૭૯	૨૭૯	૨૭૯	૨૭૯	૧૩૯૫
પવન ચક્કી ક્ષેત્ર ક્ષમતા	૪૩૩૩	૪૭૩૩	૫૧૩૩	૫૫૩૩	૫૯૩૩	૨૫૬૬૫
સૌર ઉર્જા પ્રોજેક્ટ	૧૨૭૭	૧૪૭૭	૧૭૨૭	૧૯૭૭	૨૨૨૭	૮૬૮૫
મીની હાઇડ્રો પ્રોજેક્ટ	૯	૮૮	૮૮	૮૮	૮૮	૩૬૧

નાણાંકીય વર્ષ	નાણાંકીય વર્ષ	નાણાંકીય વષ	નાણાંકીય વર્ષ	નાણાંકીય વર્ષ	નાણાંકીય વર્ષ	કુલ
	૨૦૧૬-૧૭	૨૦૧૭-૧૮	૨૦૧૮-૧૯	૨૦૧૯-૨૦	૨૦૨૦-૨૧	
બગસિસૅ પ્રોજેક્ટ	૪૧	૪૧	૪૧	૪૧	૪૧	૨૦૫
કુલ લોડિંગ MW માં	૨૩૩૯૯	૨૪૪૨૫	૨૫૩૯૬	૨૬૩૭૯	૨૮૬૦૫	૧૨૮૨૦૪
GETCO સિસ્ટમ						
ઉપલબ્ધતા %	૯૯.૪૯%	૯૯.૫૦%	૯૯.૫૧%	૯૯.૫૧%	૯૯.૫૨%	
ઉપલબ્ધતા %	૩.૮૫%	૩.૮૦%	૩.૮૫%	૩.૮૦%	૩.૮૫%	

નાણાકીય વર્ષ ૨૦૧૬-૧૭ થી વર્ષ ૨૦૨૦-૨૧ દરમ્યાન અનુમાનિત ક્ષમતવર્ધન અને ટ્રાન્સમિશન આયોજનને ધ્યાને લેતાં, આયોગે નીચે મુજબ મૂડી-ખર્ચ મંજૂર કર્યા.

GETCO નો અનુમાનિત અને મંજુર મૂડી-ખર્ચ (₹. કરોડમાં)

નાણાંકીય વર્ષ	નાણાંકીય વર્ષ	નાણાંકીય વષ	નાણાંકીય વર્ષ	નાણાંકીય વર્ષ	નાણાંકીય વર્ષ
	૨૦૧૬-૧૭	૨૦૧૭-૧૮	૨૦૧૮-૧૯	૨૦૧૯-૨૦	૨૦૨૦-૨૧
GETCO દ્વારા					
અનુમાનિત	૨૦૧૯	૨૦૭૪	૨૨૦૨	૨૨૭૧	૨૩૮૫
આયોગ દ્વારા મંજૂર	૧૭૫૪	૧૮૦૧	૧૯૧૧	૧૯૭૧	૨૦૬૯

આયોગે GETCOના અનુમાનિત સામે મંજુર કરેલ એકંદરિત મહેસુલી જરૂરિયાત (ARR) નીચે મુજબ છે.

આયોગે GETCO ના અનુમાનિત અને મંજુર ARR (₹. કરોડમાં)

નાણાંકીય વર્ષ	નાણાંકીય વર્ષ	નાણાંકીય વષ	નાણાંકીય વર્ષ	નાણાંકીય વર્ષ	નાણાંકીય વર્ષ
	૨૦૧૬-૧૭	૨૦૧૭-૧૮	૨૦૧૮-૧૯	૨૦૧૯-૨૦	૨૦૨૦-૨૧
GETCO દ્વારા					
અનુમાનિત	૩૧૯૮	૩૫૯૪	૪૦૦૮	૪૪૩૭	૪૮૯૧
આયોગ દ્વારા મંજૂર	૩૦૫૮	૩૩૯૭	૩૭૪૯	૪૧૧૫	૪૫૦૨

નાણાકીય વર્ષ ૨૦૧૭-૧૮ માટે વિજ પ્રવાહન પ્રશુલ્ક નિર્ધારણ

આયોગ નાણાકીય વર્ષ ૨૦૧૭-૧૮ માટે GETCOના અનુમાનિત ૦૦૦ ₹. ૩૫૯૪.૨૭ કરોડ સામે ₹. ૩૩૯૬.૫૫ કરોડ મંજુર કરેલ. નાણાકીય વર્ષ ૨૦૧૭-૧૮ માટે મંજુર થયેલ આ ARR અને વર્ષ ૨૦૧૫-૧૬ ટ્રુ-અપના આધારે વર્ષ ૨૦૧૭-૧૮ માટે GETCOના અંદાજીત ARR સામે મંજુર થયેલ વિજ પ્રવાહન પ્રશુલ્ક દર નીચે મુજબ છે.

વિગત	GETCO દ્વારા અંદાજીત	આયોગ દ્વારા માન્ય
	વિજ પ્રવહન પ્રશુલ્ક દર	રાખેલ વિજ પ્રવહન
		પ્રશુલ્ક દર
પ્રવહન પ્રશુલ્ક દર		
₹. /MW/દિવસ	૪૪૮૮	૩૮૨૨

વધુમા, આયોગ દ્વારા ઉર્જા વિનિમયના ટૂંકા ગાળાના સામૂહિક વ્યવહારોના કિસ્સામાં નિજ પ્રવાહન પ્રશુલ્ક દર ૩૩.૨૫ પૈસા/યુનિટ મંજુર કરવામાં આવેલ.

આયોગ દ્વારા GETCOને મંજુર થયેલ મૂડી-ખર્ચને અનુસરવા અને મંજુર સામે ન્યુનતમ તફાવત રાખવા નિર્દેશ આપવામાં આવ્યાં. GETCOને વોલ્ટેજ વર્ગો / સ્કીમોમાં મૂડીકરણમા કોઇ પણ ફેરફારની તેમજ આ MYT આદેશથી મંજુર થયેલ મૂડી-ખર્ચમાં રૂા. ૫૦ કરોડ કે તેથી વધુમા મૂડી-ખર્ચ વધારવાની યોગ્ય ખુલાસા સાથે આયોગની પૂર્વ મંજુરી લેવાના નિર્દેશ આપવામાં આવ્યાં.

(સી) સ્ટેટ લોર્ડ ડિસ્પેચ સેન્ટર (SLDC)

વિજ અધિનિયમ, ૨૦૦૩ મુજબ SLDC રચાયેલ છે. જે રાજ્યમાં ઉર્જા પ્રણાલી ગ્રીડ સંકલિત સંચાલિનને સુનિશ્ચિત કરવા માટેની સર્વોપરી સંસ્થા (Apex body) છે.

નાણાકીય વર્ષ ૨૦૧૬-૧૭નું ટ્રુ-અપ

નાણાકીય વર્ષ ૨૦૧૫-૧૬નું ટ્રુ-અપ કરતી વખતે આયોગે નાણાકીય વર્ષ ૨૦૧૫-૧૬ માટે તા. ૨૯ એપ્રિલ, ૨૦૧૪ના MTR આદેશ સાથે તા. ૭ નવેમ્બર, ૨૦૧૪ના સમીક્ષા આદેશ ૧૪૩૮/૨૦૧૪ વંચાણે લઇ માન્ય રાખેલ એકંદર મહેસુલી જરૂરિયાત ₹. ૩૦૪૭.૦૯ લાખ નાણાકીય વર્ષ ૨૦૧૫-૧૬ માટે સુધારેલ એકંદર મહેસુલી જરૂરિયાત ₹. ૩૦૫૬.૦૨ લાખ (નામદાર એપ્લેટ ટ્રિબ્યુનલ ફોર ઇલેક્ટ્રીસિટી (APTEL) ના અપીલ નં. ૧૪૬/૨૦૧૫ પરના તા. ૧૪ માર્ચ, ૨૦૧૬ના આદેશથી નાણાકીય વર્ષ ૨૦૧૩-૧૪ની મહેસુલી ઘટ સહિત માન્ય રાખેલ હતી. SLDC ની ફી અને ચાર્જીસમાંથી એકત્રિત મહેસુલી આવકના આધારે, આયોગે નાણાકીય વર્ષ ૨૦૧૫-૧૬ના ટ્રુ-અપ દરમ્યાન ₹. ૧૯૭૮.૦૦ લાખની મહેસુલી ઘટ મંજુર કરેલ હતી.

આયોગે SLDCના અનુમાનિત સામે મંજુર કરેલ એકંદરિત મહેસુલી જરૂરિયાત ARRને મંજુરી

આયોગે SLDC ના અનુમાનિત સામે મંજુર કરેલ એકંદરિત મહેસુલી જરૂરિયાત (ARR) નીચે મુજબ છે.

SLDCના અનુમાનિત અને મંજુર ARR (₹. લાખમાં)

નાણાંકીય વર્ષ	નાણાંકીય વર્ષ	નાણાંકીય વષ	નાણાંકીય વર્ષ	નાણાંકીય વર્ષ	નાણાંકીય વર્ષ
	૨૦૧૬-૧૭	૨૦૧૭-૧૮	૨૦૧૮-૧૯	૨૦૧૯-૨૦	૨૦૨૦-૨૧
SLDC દ્વારા					
અનુમાનિત	૧૭૯૮	૨૧૪૨	૨૫૧૨	૨૫૬૪	૨૪૮૧
આયોગ દ્વારા મંજૂર	૧૧૮૫	૧૨૫૮	૧૫૫૯	૧૬૩૩	૧૫૫૪

નાણાકીય વર્ષ ૨૦૧૭-૧૮ માટે ફી અને ચાર્જિસ નિર્ધારણ :

આયોગ નાણાકીય વર્ષ ૨૦૧૭-૧૮ માટે ARR ₹. ૧૨૫૮.૦૧ લાખ મંજુર થયેલ. આ ARR વર્ષ ૨૦૧૫-૧૬ ટ્રુ અપના દરમ્યાન હિસાબી મેળવણાના આધારે વર્ષ ૨૦૧૭-૧૮ માટે SLDCના વાર્ષિક ચાર્જીસ ₹. ૩૨૩૬.૦૧ લાખ નિયત થયેલ. કુલ વાર્ષિક SLDC ચાર્જીસને આયોગના તા. ૨૩ માર્ચ, ૨૦૧૩ના આદેશતી માન્ય ફોર્મ્યુલાના આધારે ૧૨ સરખા માસિક હપ્તામાં વસુલવાના રહેશે.

(ડી.ઈ.એફ.જી.) રાજ્ય માલિકીની વિજ વિતરણ કંપનીઓ (દ.ગુ.વિ.કં.લિ., મ.ગુ.વિ.કં.લિ., અને પ.ગુ.વિ.કં.લિ., ઉ.ગુ.વિ.કં.લિ.,)

રાજ્ય માલિકીની ચાર વજ વિતરણ કંપનીઓ - (દ.ગુ.વિ.કં.લિ., મ.ગુ.વિ.કં.લિ., પ.ગુ.વિ.કં.લિ., અને ઉ.ગુ.વિ.કં.લિ.,) કંપનીઓને રાજ્યના ચાર અલગ પ્રદેશો (દક્ષિણ, મધ્ય, પશ્ચિમ અને ઉત્તર) માં વિજ વિતરણની કામગીરી સોંપવામાં આવેલ છે.

નાણાંકીય વર્ષ ૨૦૧૫-૧૬ દરમ્યાન વિજ વિતરણ કંપનીઓએ કરેલ કામગીરી :

ચાર વિજ વિતરણ કંપનીઓની નાણાંકીય વર્ષ ૨૦૧૫-૧૬ દરમ્યાન માન્ય અને ખરેખર વિજ વિતરણ ઘટ નીચે કોષ્ટકમાં દર્શાવેલ છે.

માન્ય અને ખરેખર વિજ વિતરણ ઘટ (ટકામાં)

વિજ વિતરણ કંપનીનું નામ	તા. ૨૪.૪.૨૦૧૪ના MTR આદેશથી માન્ય રાખેલ ઘટ	ખરેખર ઘટ (%)
દ.ગુ.વી.કં.લિ.	૧૧.૫૦	૯.૫૮
મ.ગુ.વી.કં.લિ.	૧૨.૦૦	૧૧.૬૪
પ.ગુ.વી.કં.લિ.	૨૩.૦૦	૨૪.૭૩
ઉ.ગુ.વી.કં.લિ.	૧૨.૦૦	૧૧.૧૩

એ ધ્યાન પર લેવામાં આવે છે કે પ.ગુ.વિ,કં.લી. ને બાદ કરતાં તમામ કંપનીઓને વિજ વિતરણ ઘટનો લક્ષ્યાંક મેળવ્યો હતો.(માન્ય ઘટની સામે ખરેખર ઘટ)

નાણાંકીય વર્ષ ૨૦૧૫-૧૬નું ટ્રુ-અપ :

દરેક વિતરણ કંપનીનું નાણાકીય વર્ષ ૨૦૧૫-૧૬ માટેનું ટ્રુ-અપ કરતી વખતે એકંદર મહેસુલી જરૂરિયાતના વિવિધ પરિબળોને તા. ૨૯, એપ્રિલ ૨૦૧૪ ના મધ્યસત્રિય સમીક્ષા આદેશમાં માન્ય કરેલ આંકડા સાથે સરખાવવામાં આવેલ હતા. આયોગ ૨૦૧૫-૧૬ ના ટ્રુ-અપ સમયે માન્ય રાખેલ સુધારેલ એકંદર મહેસુલી જરૂરિયાત (વર્ષ ૨૦૧૩-૧૪ ટ્રુ-અપ સમયની ઘટ પુરાંત સાથે) મંજુર થયેલ અને તા. ૨૯ એપ્રિલ, ૨૦૧૪ના મધ્યસત્રીસ સમિક્ષા આદેશમાં એકંદર મહેસૂલી જરૂરિયાત નીચેના કોષ્ટકમાં દર્શાવેલ છે.

મંજુર ARR (₹. કરોડમાં)

વિજ વિતરણ કંપનીનું નામ	તા. ૨૯-૪-૨૦૧૪ના મધ્ય સત્રીય સમીક્ષા આદેશમાં નાણાકીય વર્ષ ૨૦૧૫-૧૬ માટે માન્ય રાખેલ ARR	નાણાકીય વર્ષ ૨૦૧૫-૧૬ ના ટ્રુ-અપમાં માન્ય રાખેલ ARR
દ.ગુ.વી.કં.લિ.	૮૮૨૬.૪૫	૧૧૦૪૦.૦૬
મ.ગુ.વી.કં.લિ.	૪૬૨૫.૮૦	૫૧૯૨.૧૫
પ.ગુ.વી.કં.લિ.	૧૦૬૧૩.૮૦	૧૨૧૮૫.૩૯
ઉ.ગુ.વી.કં.લિ.	૮૦૦૮.૮૩	૮૯૯૭.૭૯

નાણાકીય વર્ષ ૨૦૧૩-૧૪ ના ટ્રુ-અપના (ઘટ)/પુરાંત ને ધ્યાનમાં રાખીને નાણાકીય વર્ષ ૨૦૧૫-૧૬ માટે આયોગે મંજુર કરેલ ઘટ/પુરાંત નીચેના કોષ્ટક મુજબ છે.

નાણાંકીય વર્ષ ૨૦૧૫-૧૬ માટે મહેસુલી (ઘટ) / પુરાંત (₹. કરોડમાં)

વિજ વિતરણ કંપનીનું નામ	મહેસૂલી (ઘટ)/પુરાંત
દ.ગુ.વી.કં.લિ.	(૧૬૫.૭૪)
મ.ગુ.વી.કં.લિ.	(૪૭.૨૩)
પ.ગુ.વી.કં.લિ.	(૨૯૯.૯૪)
ઉ.ગુ.વી.કં.લિ.	(૨૮૨.૮૩)

નાણાકીય વર્ષ ૨૦૧૫-૧૬ માટેના GUVNL ના વાર્ષિક હિસાબોના નફા-નુકશાનના પત્રક મુજબ ટેક્ષ બાદ અને દાવા મુજબ ઉર્જા ખરીદીનો ખર્ચની રકમ ₹. ૧૯૧૬ કરોડ ધ્યાને ન લેતા કુલ નફાની રકમ ₹. ૧૦૨.૨૪ કરોડ સરભર કરવા આયોગ દ્વારા નક્કી કરવામાં આવ્યું. વધુમાં, ચાર રાજ્યની માલિકીની DISCOMs ના વિવિધ પ્રશુલ્ક દર આદેશોમાં નિર્ધારિત ગત વર્ષના તફાવતની રકમ ₹. ૪૩૧.૧૦ કરોડને સરભર કરવામાં આવેલ. આયોગ દ્વારા નાણાકીય વર્ષ ૨૦૧૫-૧૬માં ચાર રાજ્યની માલિકીની DISCOMs માટેની ચોખ્ખી બાકી જમા રકમ ₹. ૧૦૫૧ કરોડ સામે ₹. ૭૯૧ કરોડ તારવવામાં આવી અને નાણાકીય વર્ષ ૨૦૧૭-૧૮ના પ્રશુલ્ક દર નિર્ધારિત કરતી વખતે આ રકમને ધ્યાને લેવામાં આવેલ હતી.

નાણાકીય વર્ષ ૨૦૧૬-૧૭ થી વર્ષ ૨૦૨૦-૨૧ માટે બહુવર્ષીય ARRને મંજુરી

આયોગ દ્વારા ત્રીજા નિયંત્રિત સમયગાળાના પ્રત્યેક વર્ષ માટે દરેક DISCOM માટે મંજુર થયેલ ઉર્જા વેચાણ નીચેના કોષ્ટક મુજબ છે.

DISCOMનું નામ	નાણાંકીય વર્ષ	નાણાંકીય વષ	નાણાંકીય વર્ષ	નાણાંકીય વર્ષ	નાણાંકીય વર્ષ
	૨૦૧૬-૧૭	૨૦૧૭-૧૮	૨૦૧૮-૧૯	૨૦૧૯-૨૦	૨૦૨૦-૨૧
દ.ગુ.વી.કં.લિ.	૧૬૯૨૫	૧૭૮૪૨	૧૮૮૩૧	૧૯૮૯૫	૨૧૦૪૧
મ.ગુ.વી.કં.લિ.	૮૮૬૭	૯૩૭૨	૯૯૦૦	૧૦૪૫૨	૧૧૦૩૨
પ.ગુ.વી.કં.લિ.	૨૨૩૯૫	૨૩૬૬૧	૨૪૯૯૨	૨૬૩૯૧	૨૭૮૬૪
ઉ.ગુ.વી.કં.લિ.	૧૮૦૮૧	૧૮૯૬૪	૧૯૮૩૬	૨૦૭૫૨	૨૧૬૯૮

આયોગ દ્વારા ત્રીજા નિયંત્રિત સમયગાળાના પ્રત્યેક વર્ષ માટે દરેક DISCOM માટે મંજુર થયેલ ઘટ નીચેના કોષ્ટક મુજબ છે.

નાણાકીય વર્ષ ૨૦૧૬-૧૭ થી વર્ષ ૨૦૨૦-૨૧ માટે નિયંત્રિત સમયગાળાના માટે મંજુર વિતરણ ઘટ %

આયોગે ચાર DISCOM ના અનુમાનિત સામે મંજુર કરેલ એકંદરિત મહેસુલી જરૂરિયાત (ARR) પાછળ કોષ્ટક મુજબ છે.

નાણાકીય વર્ષ ૨૦૧૬-૧૭ થી વર્ષ ૨૦૨૦-૨૧ માટે નિયંત્રિત સમયગાળાના માટે મંજુર વિતરણ ઘટ %

DISCOMનું નામ	નાણાંકીય વર્ષ	નાણાંકીય વષ	નાણાંકીય વર્ષ	નાણાંકીય વર્ષ	નાણાંકીય વર્ષ
	૨૦૧૬-૧૭	૨૦૧૭-૧૮	૨૦૧૮-૧૯	૨૦૧૯-૨૦	૨૦૨૦-૨૧
દ.ગુ.વી.કં.લિ.	૧૦.૦૦	૧૦.૦૦	૧૦.૦૦	૯.૮૦	૯.૮૦
મ.ગુ.વી.કં.લિ.	૧૧.૭૫	૧૧.૭૦	૧૧.૬૫	૧૧.૬૦	૧૧.૫૫
પ.ગુ.વી.કં.લિ.	૨૨.૦૦	૨૧.૦૦	૨૦.૦૦	૧૯.૫૦	૧૯.૦૦
ઉ.ગુ.વી.કં.લિ.	૧૦.૦૦	૯.૯૦	૯.૮૦	૯.૭૦	૯.૬૦

આયોગે ચાર DISCOM ના અનુમાનિત સામે મંજુર કરેલ એકંદરિત મહેસુલી જરૂરિયાત (ARR) નીચે મુજબ છે.

ચાર DISCOM ના અનુમાનિત અને મંજુર ARR (₹. કરોડમાં)

DISCOM	નાણાંકીય વર્ષ		નાણાંકીય વર્ષ		નાણાંકીય વર્ષ		નાણાંકીય વર્ષ		નાણાંકીય વર્ષ	
નું નામ	૨૦૧૬-૧૭		૨૦૧૭-૧૮		૨૦૧૮-૧૯		૨૦૧૯-૨૦		૨૦૨૦-૨૧	
	Proj.	Appr.	Proj.	Appr.	Proj.	Appr.	Proj.	Appr.	Proj.	Appr.
દગુવીકંલિ	૧૧૦૩૪	૧૦૯૮૬	૧૧૮૮૬	૧૧૭૫૫	૧૨૬૩૧	૧૨૪૯૧	૧૩૩૭૩	૧૩૨૪૦	૧૪૪૬૬	૧૪૩૧૦
મગુવીકંલિ	૫૪૨૦	૫૩૯૪	૫૮૯૦	૫૮૧૯	૬૨૯૯	૬૨૨૪	૬૭૦૪	૬૬૩૨	૭૨૯૪	૭૨૧૦
પગુવીકંલિ	૧૨૧૮૦	૧૨૧૦૬	૧૩૩૪૧	૧૩૧૪૧	૧૪૩૧૯	૧૪૧૦૪	૧૫૨૭૨	૧૫૦૬૭	૧૬૭૩૧	૧૬૪૮૫
ઉગુવીકંલિ	૯૨૯૮	૯૨૨૮	૯૯૭૦	૯૮૩૧	૧૦૫૧૩	૧૦૩૬૬	૧૧૦૧૮	૧૦૮૮૦	૧૧૮૫૦	૧૧૬૮૯

નાણાકીય વર્ષ ૨૦૧૭-૧૮ માટે પ્રશુલ્ક દર નિર્ધારણ

આયોગે વેચાણ આવકની ગણતરી માટે કેટેગરીવાર આ આદેશોથી મંજુર થયેલ કુલ વેચાણ પર FPPPA ચાર્જીસ ₹. ૧.૪૩ પ્રતિ kWh સાથે હયાત પ્રશુલ્ક દર લાગુ કરેલ. આમ કરવાથી, નાણાકીય વર્ષ ૨૦૧૭-૧૮ માટે રાજ્યની માલીકીની ચાર વિતરણ પરવાનેદારોની કુલ ઘટ/પુરાંત ₹. ૬૫૫.૪૫ કરોડ નિયત થયેલ. આયોગ દ્વારા નાણાકીય વર્ષ ૨૦૧૭-૧૮ માટે દરેક DISCOM ની ઘટ/પુરાંત નીચેના કોષ્ટક મુજબ અંદાજવામાં આવી.

નાણાકીય વર્ષ ૨૦૧૭-૧૮ માટે મહેસૂલી (ઘટ)/પુરાંત (₹. કરોડમાં)

વિજ વિતરણ કંપનીનું નામ	મહેસૂલી (ઘટ) / પુરાંત
દ.ગુ.વી.કં.લિ.	૧૮૩.૪૪
મ.ગુ.વી.કં.લિ.	૧૪૧.૯૦
પ.ગુ.વી.કં.લિ.	૨૩૮.૨૪
ઉ.ગુ.વી.કં.લિ.	૯૧.૮૭

નાણાકીય વર્ષ ૨૦૧૫-૧૬ માટે GUVNL ના ઓડિટ થયેલ હિસાબોમાં ઉર્જા ખરીદી માટે થયેલ જોગવાઇ ₹. ૧૯૧૬ કરોડને ધ્યાને ન લેવાઇ તેના કારણે ₹. ૬૫૫ કરોડની પુરાંત વધેલ છે. વધુમાં MYT નિયંત્રિત સમયગાળા માટે કર્મચારી ખર્ચ અનુમાન સમયે ૭માં CPC ના અમલીકરણથી થયેલ વેતન સુધારાનો સમાવેશ થયેલ ન હતો. ઉપરોક્ત વિગતે અને ભવિષ્યના પ્રશુલ્ક દરમાં આંચકા અટકાવવા માટે આયોગે નાણાકીય વર્ષ ૨૦૧૭-૧૮ માટે રિટેલ ગ્રાહકોના હયાત પ્રશુલ્ક દરમા ફેરફાર ન કરવાનો નિર્ણય કર્યો.

આયોગના DISCOMs ને અપાયેલ નિર્દેશો

આયોગે DISCOMs ને ખામીયુક્ત મીટર બદલવા અને વંચિત વિજ મથકોને બળતણની અપ્રાપ્યતા અથવા PPAs પર પુન : વાટાઘાટો દ્વારા મોંઘા બળતણ બાબતે પગલાં લઇ નિયત ખર્ચની જવાબદારીઓમાં ઘટાડો કરવા નિર્દેશ આપ્યાં.

એચ) એમપીએસઈઝેડ યુટીલીટીઝ પ્રા. લિ. (MUPL)

MUPL એ મુન્દ્રા SEZ વિસ્તારમાં વિજ વિતરણ માટે ડીમ્ડ પરવાનેદાર છે.

એમપીએસઈઝેડ યુટીલીટીઝ પ્રા. લી.ની નાણાંકીય વર્ષ ૨૦૧૫-૧૬ દરમ્યાન કામગીરી

MUPL એ નાણાંકીય વર્ષ ૨૦૧૫-૧૬ માટે તા. ૨૯-૦૫-૨૦૧૪ના મધ્ય સત્રીય સમીક્ષા આદેશમાં માન્ય રાખેલ વિજ વિતરણ ઘટ ૪.૫૦% ની સામે ૪.૧૭ % જણાવી.

નાણાંકીય વર્ષ ૨૦૧૫-૧૬નું ટ્રુ-અપ

નાણાંકીય વર્ષ ૨૦૧૫-૧૬ નું ટ્રુ-અપ કરતી વખતે એકંદર મહેસુલી જરૂરિયાતનાં વિવિધ પરિબળો નાણાંકીય વર્ષ ૨૦૧૫-૧૬ નાં મધ્ય સત્રીય સમીક્ષા આદેશમાં માન્ય કરેલા આંકડા સાથે સરખાવવામાં આવેલ હતા. નાણાંકીય વર્ષ ૨૦૧૫-૧૬ માટે વધ અને ઘટની ગણતરી કરતી વખતે ટ્રુ-અપનાં દરેક પરિબળોની ગણના કરવામાં આવેલ હતી. આયોગે MUPL માટે ટ્રુ-અપ બાદ માન્ય કરેલ સુધારેલ એકંદર મહેસુલી જરૂરિયાત અને મધ્ય સત્રીય સમીક્ષા આદેશમાં મંજુર કરેલ એકંદર મહેસુલી જરૂરિયાત ની વિગતો નીચેના કોષ્ટકમાંદર્શાવેલ છે.

માન્ય કરેલ એકંદર મહેસૂલી જરૂરિયાત (ARR) (₹. કરોડમાં)

વિગત	મધ્ય સત્રીય સમીક્ષાનાં આદેશમાં નાણાકીય વર્ષ ૨૦૧૫-૧૬ માટે માન્ય રાખેલ ARR	નાણાકીય વર્ષ ૨૦૧૫-૧૬ ના ટ્રુ-અપમાં માન્ય રાખેલ ARR
MUPL	૧૭૧.૫૯	૧૨૧.૪૪

આયોગે MUPL દ્વારા થયેલ દાવા ₹. ૫.૫૬ કરોડ સામે નાણાકીય વર્ષ ૨૦૧૫-૧૬ માટે ટ્રુ-અપ તફાવત ₹. ૫.૪૨ કરોડ મંજુર કરવામાં આવ્યો. નાણાકીય વર્ષ ૨૦૧૬-૧૭ માટેના પ્રશુલ્ક દર નિર્ધારણ સમયે આયોગે ટ્રુ-અપ તફાવતને ધ્યાને લીધેલ.

નાણાકીય વર્ષ ૨૦૧૬-૧૭ થી વર્ષ ૨૦૨૦-૨૧ માટે બહુવર્ષીય ARRને મંજુરી

આયોગ દ્વારા ત્રીજા નિયંત્રિત સમયગાળાના પ્રત્યેક વર્ષ માટે દરેક MUPL માટે મંજુર થયેલ ઉર્જા વેચાણ પાછળના કોષ્ટક મુજબ છે.

નાણાંકીય વર્ષ	નાણાંકીય વર્ષ	નાણાંકીય વષ	નાણાંકીય વર્ષ	નાણાંકીય વર્ષ	નાણાંકીય વર્ષ
	૨૦૧૬-૧૭	૨૦૧૭-૧૮	૨૦૧૮-૧૯	૨૦૧૯-૨૦	૨૦૨૦-૨૧
MUPL	૨૩૧.૬૩	૩૮૯.૧૪	૫૩૯.૦૭	૬૧૫.૦૩	૬૩૪.૧૨

આયોગ દ્વારા નિયંત્રિત સમયગાળાના પ્રત્યેક વર્ષ માટે દરેક MUPL માટે મંજુર થયેલ ઘટ નીચેના કોષ્ટક મુજબ છે.

નાણાકીય વર્ષ ૨૦૧૬-૧૭ થી વર્ષ ૨૦૨૦-૨૧ માટે નિયંત્રિત સમયગાળાના માટે મંજુર વિતરણ ઘટ %

નાણાંકીય વર્ષ	નાણાંકીય વર્ષ	નાણાંકીય વષ	નાણાંકીય વર્ષ	નાણાંકીય વર્ષ	નાણાંકીય વર્ષ
	૨૦૧૬-૧૭	૨૦૧૭-૧૮	૨૦૧૮-૧૯	૨૦૧૯-૨૦	૨૦૨૦-૨૧
MUPL	૪.૦૦	૪.૦૦	૪.૦૦	૪.૦૦	૪.૦૦

આયોગે ચાર MUPL ના અનુમાનિત સામે મંજુર કરેલ એકંદરિત મહેસુલી જરૂરિયાત (ARR) નીચે મુજબ છે.

MUPL ના અનુમાનિત અને મંજુર ARR (₹. કરોડમાં)

DISCOM	નાણાંકીય વર્ષ		નાણાંકીય વર્ષ		નાણાંકીય વર્ષ		નાણાંકીય વર્ષ		નાણાંકીય વર્ષ	
નું નામ	૨૦૧૬-૧૭		૨૦૧૭-૧૮		૨૦૧૮-૧૯		૨૦૧૯-૨૦		૨૦૨૦-૨૧	
	Proj.	Appr.	Proj.	Appr.	Proj.	Appr.	Proj.	Appr.	Proj.	Appr.
MUPL	૧૩૬.૬૪	૧૩૬.૨૬	૧૯૯.૯૬	૧૮૯.૩૯	૨૭૭.૪૭	૨૫૩.૪૫	૩૧૮.૦૩	૨૮૩.૬૧	૨૩૭.૨૮	૨૯૭.૯૪

નાણાકીય વર્ષ ૨૦૧૭-૧૮ માટે પ્રશુલ્ક દર નિર્ધારણ

આયોગે નાણાકીય વર્ષ ૨૦૧૭-૧૮ માટેના ARR₹. ૧૮૯.૩૯ કરોડ મંજુર કરેલ. આયોગે આ આદેશોમાં મંજુર થયેલ કેટેગરીવાર કુલ વેચાણને ધ્યાને લઇ હયાત પ્રશુલ્ક દર અને ગ્રહકોની કેટેગરીવાર મંજુર વેચાણના આધારે આવકની ગણતરી કરેલ. જે મુજબ, આયોગે નાણાકીય વર્ષ ૨૦૧૭-૧૮ માટે MUPL ની એકંદરિત પુરાંત ₹. ૫.૬૨ કરોડ નિયત કરેલ. આયોગે હયાત પ્રશુલ્ક દરમાં ફેરફાર ન કરવા નિર્ણય કર્યો.

૩.૨ રાષ્ટ્રીય વિદ્યુત નીતિના પરિપ્રેક્ષ્યમાં વર્તમાન સ્થિતિ

૩.૨.૧ મીટરીંગ યોજના :

વિજ અધિનિયમ-૨૦૦૩માં તમામ ઉપભોક્તાને મીટર પુરા પાડવાનું ઠરાવેલ છે. રાષ્ટ્રીય વિદ્યુત નીતિ અનુસાર રાજ્ય આયોગે વિજ વિતરણ પરવાનેદારો પાસેથી તેમની મીટરીંગ યોજના મેળવી તેને માન્ય રાખવા, મંજૂર કરવા અને તેના પર દેખરેખ રાખવાની રહે છે. આયોગે તમામ વિતરણ પરવાનેદારોને તેમની મીટરીંગ યોજના રજૂ કરવા નિર્દેશ આપ્યા હતા. જેના જવાબમાં વિતરણ પરવાનેદારોએ ખેતી વિષયક જોડાણો સિવાયના તમામ જોડાણો મીટરવાળા છે તેમ જણાવેલ હતું.

નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૭ માં ખેતી વિષયક જોડાણોમાં મીટરની સ્થિતિ નીચે મુજબ છે.

ક્રમ	વિજ વિતરણ પરવાનેદાર	ખેતી વિષયક મીટરવાળા જોડાણો
૧	દ.ગુ.વી.કં.લિ.	૭૩.૦૬%
૨	મ.ગુ.વી.કં.લિ.	૮૪.૮૦%
૩	પ.ગુ.વી.કં.લિ.	૭૬.૮૭%
૪	ઉ.ગુ.વી.કં.લિ.	૫૪.૯૨%
૫	ટી.પી.એલ. (અમદાવાદ)	૧૦૦.૦૦%
૬	ટી.પી.એલ. (સુરત)	૧૦૦.૦૦%

આયોગે ખેતી વિષયક જોડાણો અંગે મીટર પુરા પાડવાની વર્તમાન સ્થિતિ સુધારવા નિર્દેશ આપ્યા.

૩.૨.૨ HVDS, SCADA અને માહિતી આધારિત પ્રબંધન અંગે અમલ:

SCADA અને માહિતી પ્રબંધન યોજના વિતરણ પદ્ધતિને વધુ કાર્યક્ષમ રીતે સંચાલનમાં ઉપયોગી છે. રાષ્ટ્રીય વિદ્યુત નીતિ અનુસાર તાંત્રિક અને આર્થિક બાબતોને ધ્યાનમાં રાખીને SCADA અને માહિતી પ્રબંધનના સમય મર્યાદાવાળા કાર્યક્રમો કે જે રાજ્ય આયોગે માન્ય કરેલા હોય તે, વિતરણ પરવાનેદારો દ્વારા અમલમાં હોવા જોઈશે.

SCADA નું અમલીકરણ વિતરણ પરવાનેદારોએ શરૂ કરેલ છે. HVDS ના અમલી કરણ પૈકી ઘટમાં અસરકારક ઘટાડા માટે, દગુવીકંલિ, મગુવીકંલિ, પગુવીકંલિ, ઉગુવીકંલિ એ શરૂ કરેલ છે.

૩.૨.૩ કામગીરીના ધોરણોના માપદંડો :

રાષ્ટ્રીય વિદ્યુત નીતિની જોગવાઈ અનુસાર આયોગે અપેક્ષિત કામગીરીના ધોરણો નિયત કરવાના હોય છે. સંબધિત આયોગે ગુણવતાયુક્ત વિદ્યુત પુરવઠા અંગેના પૂર્વ નિર્ધારિત માપદંડો ના આધારે કંપનીઓનું નિયંત્રણ કરે છે.

રાજ્યમાં વિતરણ પરવાનેદારો માટે કામગીરીના માપદંડો આયોગે જાહેરનામા ક્રમાંક ૧૦/૨૦૦૫ તા. ૩૧-૦૩-૨૦૦૫થી નિયત કરેલ છે. આયોગ આ જાહેરનામાંથી નિયત કરેલ માપદંડો સાથે વિતરણ પરવાનેદારોની કામગીરીની સમીક્ષા કરે છે. આયોગે કામગીરીના ધોરણોનાં વિનિયમની જોગવાઈ હેઠળ વિતરણ પરવાનેદારો પાસેથી કામગીરીનો ત્રિમાસિક, છ માસિક અને વાર્ષિક વિગતવાર અહેવાલ મેળવે છે.

૩.૨.૪ ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ (CGRF) અને વિદ્યુત લોકપાલની સ્થાપના :

રાષ્ટ્રીય વિદ્યુત નીતિની માર્ગદર્શિકા અનુસાર ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમની પરવાનેદાર થકી રચના અને વિદ્યુત લોકપાલની નિમણૂંક માટેની માર્ગદર્શિકા બનાવવા ભાર મુકે છે.

વીજ અધિનિયમ ૨૦૦૩ ગ્રાહકોના હિતની જાળવણી માટે સંગઠિત માળખાની જોગવાઈ કરે છે. વિજ અધિનિયમ હેઠળ રચાયેલી રાષ્ટ્રીય વિદ્યુત નિતીમાં રાજ્યોને ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમની રચના અને વિદ્યુત લોકપાલની નિમણુંક માટે માર્ગદર્શિકા / વિનિયમો બહાર પાડવાની સલાહ આપવામાં આવેલ છે. તદ્અનુસાર જીઈઆરસીએ તા. ૨૫/૦૮/૨૦૦૪ના રોજ વિદ્યુત લોકપાલ અને ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમની રચના અંગે વિનિયમો જાહેરનામિત કર્યા છે. લાંબા સમયના અનુભવે અને ગ્રાહકના વિશાળ હિતને ધ્યાનમાં રાખીને આયોગે વિદ્યુત લોકપાલ અને CGRF ની રચના અંગે સધન અને એકત્રિત વિનિયમો બનાવ્યા. આ વિનિયમોની રચનાનો મુખ્ય હેતુ ફોરમને વધુ સ્વતંત્ર, ગ્રાહકલક્ષી તથા પ્રવર્તમાન વિનિયમોના સંદર્ભમાં ફરિયાદોનો ઉકેલ આવે છે. ઉપર જણાવેલ વિનિયમોના સ્થાને આયોગે તા. ૦૭-૦૪-૨૦૧૧ ના રોજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને વિદ્યુત લોકપાલ) વિનિયમો /૨૦૧૧ જાહેરનામિત કર્યા.

ગુજરાતમાં આઠ ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ કાર્યરત છે. દરેક ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમમાં એક સ્વતંત્ર સભ્યની પસંદગી આયોગ દ્વારા કરવામાં આવે છે. આયોગે સ્વતંત્ર વિદ્યુત લોકપાલની નિમણૂક તા. ૦૧-૦૬-૨૦૧૦ થી અમલી બને તે રીતે કરેલ છે, અને જે સ્વતંત્ર કચેરીમાંથી કામગીરી બજાવે છે. આયોગ ત્રિમાસિક કામગીરીના અહેવાલ અને સમયાંતરે સમાલોચન બેઠકો દ્વારા ફોરમની કામગીરીની સમીક્ષા કરે છે. આયોગે અહેવાલના વર્ષ દરમ્યાન બે બેઠકો બોલાવી સમીક્ષા કરેલ હતી. આ બેઠકોમાં ખાસ કિસ્સાઓ કે ફરિયાદોની ચર્ચા કરવામાં આવી હતી.

CGRF અને વિદ્યુત લોકપાલની વિગતો "જોડાણ નં. ૫" માં દર્શાવેલ છે.

CGRF અને વિદ્યુત લોકપાલને મળેલ ફરિયાદો અને નિકાલ કરેલ ફરિયાદોની વિગત અનુક્રમે "જોડાણ નં. ૬" અને "જોડાણ નં. ૭" માં દર્શાવેલ છે. લોકપાલની ફરિયાદના પ્રકારવાર માહિતી "જોડાણ નં. ૮" માં દર્શાવેલ છે.

૩.૩ પ્રશુલ્ક નીતિના પરિપ્રેક્ષ્યમાં વર્તમાન સ્થિતિ :

૩.૩.૧ ઈક્વીટી પર વળતર :

સર્વગ્રાહી જોખમ અને પ્રવર્તમાન મૂડીની કિંમતની ધ્યાને રાખી. રાજ્ય વિદ્યુત નિયંત્રક આયોગ ઈક્વીટી પર વળતર દર નક્કી કરી શકે તેવી જોગવાઈ પ્રશુલ્ક નીતિમાં છે. આયોગ નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૭ માટે રાજ્યની તમામ યુટીલીટી માટે ૧૪% ઈક્વીટી પર વળતર માન્ય રાખેલ છે.

૩.૩.૨ ઘસારાના દર :

પ્રશુલ્ક નીતિ પ્રમાણે કેન્દ્રીય આયોગે ઘસારાના દર જાહેર કર્યા છે. જે જરૂરી સુધારાઓ સાથે વિજ વિતરણ કંપનીઓને લાગુ પાડી શકાય છે. આયોગે ઘસારાના દર નક્કી કરેલ છે. જે નીચે દર્શાવેલ છે.

ક્રમ	પરવાનેદાર		વર્ષ ૨૦૧૬-૧૭ માટે અવમુલ્યન દર
૧	ગુ.રા.વિ.કં.લી.	(GSECL)	૩.૮૦%
૨	ગુ.વિ.પ્ર.નિ.લી.	(GETCO)	૪.૮૭%
૩	દ.ગુ.વિ.કં.લી.	(DGVCL)	૫.૩૪%
૪	મ.ગુ.વિ.કં.લી.	(MGVCL)	૫.૫૦%
૫	પ.ગુ.વિ.કં.લી.	(PGVCL)	૫.૨૫%
૬	ઉ.ગુ.વિ.કં.લી.	(UGVCL)	૪.૭૨%
૭	એસ.એલ.ડી.સી.	(SLDC)	૧૪.૫૨%
૮	ટી.પી.એલ. (ઉત્પાદન)	(TPL-G)	-
૯	ટી.પી.એલ. (અમદાવાદ)	(TPL-A)	-
૧૦	ટી.પી.એલ. (સુરત)	(TPL-S)	-
૧૧	એમ.યુ.પી.એલ.	(MUPL)	-
૧૨	ટી.ઇ.એલ.-દહેજ	(TEL-Dahej)	-
૧૩	એ.આઇ.એલ.	(AIL)	-
૧૪	કે.પી.ટી.	(KTP)	-

3.3.3 દિવસના સમય આધારિત પ્રશુલ્ક :

પ્રશુલ્ક નીતિ દિવસના સમય આધારિત પ્રશુલ્ક (ToD) ના અમલીકરણ માટે સરળતા પૂરી પાડે છે.

વપરાશના સમય આધારિત પ્રશુલ્કનો અમલ અગાઉથી ગુજરાતમાં છે. LT ગ્રાહકો કે જેમની વીજભાર માંગ ૪૦ કિલોવોટ કે તેથી વધુ અને HT ગ્રાહકો કે જેમનો નિયમિત વિજ પુરવઠો ૧૦૦ કેવીએ અને તેથી વધુ છે અને રાતના ૧૦.૦૦ કલાકથી બીજા દિવસના સવારના ૦૬ - ૦૦ કલાક સુધી ફક્ત રાત્રિ કલાકો દરમ્યાન વિજ ઉપયોગ કરે છે. તે માટે અલગ પ્રશુલ્ક લાગુ પડેલ છે.

તદ્-ઉપરાંત વપરાશના સમય અનુસારનો પ્રશુલ્ક અને પાણી પુરવઠાના LT જોડાણો માટે અમલમાં છે. HT કક્ષામાં કૃષિ ગ્રાહકો અને રેલ્વે ટ્રેકશનના વર્ગને છોડીને બાકીના તમામ HT વર્ગના ગ્રાહક વપરાશના સમય આધારિત પ્રશુલ્ક નો લાભ મેળવે છે.

દિવસના સમય આધારિત પ્રશુલ્ક દર જે તા. ૩૧, માર્ચ, ૨૦૧૬ ના પ્રશુલ્ક આદેશ અન્વયે DGVCL, MGVCL PGVCL **અને** UGVCL **માટે અમલી છે. જેનું કોષ્ટક નીચે મુજબ છે.**

વ્યસ્ત સમય કલાક	:	**૭-૦૦ કલાકથી ૧૧-૦૦ કલાક અને ૧૮-૦૦ કલાકથી ૨૨-૦૦ કલાક**
બિન વ્યસ્ત સમય કલાક	:	**૧૧-૦૦ કલાક થી ૧૮-૦૦ કલાક**
રાત્રિ કલાકા	:	**૨૨-૦૦ કલાકથી બીજા દિવસના સવારના ૦૬-૦૦ કલાક સુધી**

ગ્રાહકનો વર્ગ	વ્યસ્ત સમયનો પ્રશુલ્ક પૈસા/કિલો વોટ કલાક	બિનવ્યસ્ત સમય માટેના પ્રશુલ્ક પૈસા/કિલો વોટ કલાકLTMD-
NLTMD રાત્રિ : ૪૦ કિલોવોટ થી વધુ એકંદર વીજભાર ધરાવતા હોય અને ફક્ત રાત્રિ ૧૦.૦૦ કલાકથી ૬.૦૦ દરમ્યાન વીજ વપરાશ થતો હોય.	૪૬૦	૨૬૦
NON-RGP-રાત્રિ : ૪૦ કિલોવોટથી વધુ એકંદર વીજભાર ધરાવતા હોય અને ફક્ત રાત્રિ ૧૦.૦૦ કલાકથી ૬.૦૦ દરમ્યાન વીજ વપરાશ થતો હોય.	જો રાત્રિ કલાક સિવાય પણ વીજ વપરાશ કરવામાં આવે તો NON RGP કક્ષાના સુસંગત પ્રશુલ્ક દર લાગુ પડશે.	૨૬૦
ટાઈપ-I : સ્થાનિક સત્તા મંડળ સિવાય અન્ય દ્વારા સંચાલિત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા માટેના પંપ.	૪૩૦	તમામ પાણી પુરવઠાના વર્ગ માટે વપરાશ માટે ૪૦ પૈસા/ કિલોવોટનો વટાવ જેમકે ૧૧.૦૦ કલાકથી ૧૮.૦૦ કલાક માટે અને ૮૫પૈસા/ કિલોવોટનો વટાવ રાત્રી દરમ્યાન વપરાશ અંગે જેમકે રાત્રીના ૨૨.૦૦ કલાકથી બીજા દિવસના સવાર ના ૬.૦૦ સુધી
ટાઈપ-II : પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થાના પંપ જે સ્થાનિક સત્તા મંડળ જેવા કે મ્યુનિસિપલ કોર્પોરેશન ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ દ્વારા સંચાલિત હોય કે જે ગ્રામ પંચાયત વિસ્તારની બહાર હોય.	૪૧૦	
ટાઈપ-III : પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થાના પંપ જે મ્યુનિસિપાલીટી/નગરપાલિકા દ્વારા સંચાલિત હોય અને ગ્રામ પંચાયત, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ દ્વારા ગ્રામ પંચાયત વિસ્તારમાં સ્થાપન થયેલ હોય.	૩૨૦	
HTP-I અને II દર : કરાર માંગ સાથેનો નિયમિત પુરવઠો અથવા પ્રથમ ૫૦૦ કેવીએની બીલીંગ માંગ સામેની ખરી માંગ.	૪૪૫ (HTP-I માટે) ૪૮૦ (HTP-I માટે)	૪૦૦ (HTP-I માટે) ૪૩૫ (HTP-I માટે)
HTP-I અને II દર : કરાર માંગ સાથેનો નિયમિત પુરવઠો અથવા પછીના ૨૦૦૦ કેવીએની બીલીંગ માંગ સામેની ખરી માંગ.	૫૦૫ (HTP-I માટે) ૫૪૦ (HTP-I માટે)	૪૨૦ (HTP-I માટે) ૪૫૫ (HTP-I માટે)
HTP-I અને II દર : કરાર માંગ સાથેનો નિયમિત પુરવઠો અથવા ૨૫૦૦ કેવીએની વધારાની બીલીંગમાંગ માંગ સામેની ખરી માંગ.	૫૧૫ (HTP-I માટે) ૫૫૦ (HTP-I માટે)	૪૩૦ (HTP-I માટે) ૪૬૫ (HTP-I માટે)
HTP-III : ઉચાં વિજ દબાણે કરારિત ૧૦૦ કેવીએથી ઓછો ન હોય તેવો હંગામી સમયગાળા માટેનો વિજ પુરવઠો.	૭૪૫	૬૬૦
HTP-IV : ફક્ત રાત્રી કલાકો ૧૦.૦૦ કલાકથી બીજા દિવસના ૦૬.૦૦ કલાક દરમ્યાન HT ઉપભોક્તાએ વિજ પુરવઠાનો વિકલ્પ સ્વીકારેલ હોય અને કરારિત ૧૦૦ કેવીએ અને તેથી વધુનો નિયમિત પુરવઠો	જો રાત્રી કલાક સિવાય પણ વીજવપરાશ કરવા માં આવે તો HTP-I કક્ષાના સુસંગત પ્રશુલ્ક દર લાગુ પડશે.	૨૨૫

તા. ૩૧.૦૩.૨૦૧૬ના પ્રશુલ્ક આદેશના સંદર્ભમાં ટોરેન્ટ પાવર લી. અમદાવાદ અને ગાધીનગરને (દિવસના સમય આધારિત પ્રશુલ્ક) (ToD) **પાછળના કોષ્ટકમાં દર્શાવેલ દરે અમલી બનશે.**

દર - HTMD - **૧** :

સ્થાનિક સત્તા દ્વારા સંચાલિત પંપીગ સ્ટેશન સિવાયના હેતુ માટે ઉંચા વીજ દબાણના ૧૦૦ kW અને તેથી વધુની મહત્તમ માંગ ધરાવનાર ઉપભોક્તાને આ લાગુ પડશે.

ઉર્જા ચાર્જ :

૧	પ્રત્યેક kW દીઠ પ્રતિમાસની બિલીંગ માંગના પ્રથમ ૪૦૦ યુનિટ માટે	૪૪૫ પૈસા પ્રતિ યુનિટ
૨	પ્રતિમાસ બાકી રહેલા યુનિટના વપરાશ માટે	૪૩૫ પૈસા પ્રતિ યુનિટ

વપરાશના સમય (ToU) **આધારિત ચાર્જ :**

	નીચે દર્શાવેલ સમય દરમિયાનના વપરાશ માટે :	
૧	એપ્રિલ થી ઓક્ટોમ્બર સમયગાળા માટે ૧૨.૦૦ કલાક થી ૧૭.૦૦ કલાક અને ૧૮.૩૦ કલાક થી ૨૧.૩૦ કલાક	
૨.	નવેમ્બર થી માર્ચ સમયગાળા માટે ૦૮.૦૦ કલાક થી ૧૨.૦૦ કલાક અને ૧૮.૦૦ કલાક થી ૨૨.૦૦ કલાક	
	અ. ૩૦૦ કિલોવોટ સુધીની બીલીંગ માંગ	૮૦ પૈસા પ્રતિ યુનિટ
	બ. ૩૦૦ કિલોવોટથી વધુની બીલીંગ માંગ	૧૦૦ પૈસા પ્રતિ યુનિટ

દર - NTCT **રાત્રી દરમ્યાનના રાહત પ્રશુલ્ક** :

જે મીટરમાં સમયની સ્વીચ અથવા સમય પરિમાણની સવલત હોય અને રાત્રીના ૨૨.૦૦ કલાકથી બીજા દિવસના સવારે ૬.૦૦ કલાક સુધી વીજ વપરાશની નોંધ મીટરમાં થયેલ હોય અને માસ દરમ્યાન કુલ વપરાશના ત્રીજા ભાગથી વધુ વપરાશ જો થયેલ હોય તો તે પ્રત્યેક KWH પર ૬૦ પૈસા વળતર મેળવવા પાત્ર બનશે.

દર - HTMD - **૨** :

૧૦૦ કિલોવોટ અને તેથી વધુની મહત્તમ માંગ માટેની કરાર માંગ ધરાવતા હોય તેવા પાણીના અને ગટરના પંપીંગ સ્ટેશનને વીજ પૂરવઠો જે સ્થાનિક સત્તા મંડળ દ્વારા સંચાલિત હોય તેને આ લાગુ પડશે.

ઉર્જા ચાર્જ :

સમાન દર	૪૦૦ પૈસા પ્રતિ યુનિટ

વપરાશના સમય (ToU) **આધારિત ચાર્જ :**

	નીચે દર્શાવેલ સમય દરમિયાનના વપરાશ માટે :	
૧	એપ્રિલ થી ઓક્ટોમ્બર સમયગાળા માટે ૧૨.૦૦ કલાક થી ૧૭.૦૦ કલાક અને ૧૮.૩૦ કલાક થી ૨૧.૩૦ કલાક	૬૦ પૈસા પ્રતિ યુનિટ
૨.	નવેમ્બર થી માર્ચ સમયગાળા માટે ૦૮.૦૦ કલાક થી ૧૨.૦૦ કલાક અને ૧૮.૦૦ કલાક થી ૨૨.૦૦ કલાક	

દર - NTCT રાત્રી દરમ્યાનના રાહત પ્રશુલ્ક :

જે મીટરમાં સમયની સ્વીચ અથવા સમય પરિમાણની સવલત હોય અને રાત્રીના ૨૨.૦૦ કલાકથી બીજા દિવસના ૦૬.૦૦ કલાક સુધી વિજ વપરાશની નોંધ મીટરમાં થયેલ હોય અને માસ દરમ્યાન કુલ વપરાશના ત્રીજા ભાગથી વધુ વપરાશ જો થયેલ હોય તો તે પ્રત્યેક Kwh પર ૬૦ પૈસા વળતર મેળવવા પાત્ર બનશે.

દર - HTMD - ૩

૧૦૦ કિલોવોટથી નીચે નહિ તેવા હંગામી સમય માટેનો કરાર કરનાર ગ્રાહક કે જે ઉંચા વિજ દબાણ સાથેનો વિજ પૂરવઠો લે તેને આ લાગુ પડશે.

ઉર્જા ચાર્જ

સમાન દર	૬૯૫ પૈસા પ્રતિ યુનિટ

વપરાશના સમય (ToU) આધારિત ચાર્જ :

	નીચે દર્શાવેલ સમય દરમિયાનના વપરાશ માટે :	
૧	એપ્રિલ થી ઓક્ટોમ્બર સમયગાળા માટે ૧૨.૦૦ કલાક થી ૧૭.૦૦ કલાક	૬૦ પૈસા પ્રતિ યુનિટ
	અને ૧૮.૩૦ કલાક થી ૨૧.૩૦ કલાક	
૨.	નવેમ્બર થી માર્ચ સમયગાળા માટે ૦૮.૦૦ કલાક થી ૧૨.૦૦ કલાક	
	અને ૧૮.૦૦ કલાક થી ૨૨.૦૦ કલાક	

દર - NTCT : રાત્રી દરમ્યાનના રાહત પ્રશુલ્ક

નિયમિત વિજ પૂરવઠો મેળવવા ઉપભોક્તાઓ કે જેઓએ ફક્ત રાત્રિના ૨૨.૦૦ કલાકથી બીજા દિવસના ૦૬.૦૦ કલાક દરમ્યાન વિજ વપરાશનો વિકલ્પ સ્વીકારેલ હોય. તેઓને રાત્રી સમયના રાહત પ્રશુલ્ક લાગુ પડશે.

સ્થાયી ચાર્જ

સ્થાયી ચાર્જ	સંબંધિત પ્રશુલ્ક વર્ગના ડીમાન્ડ ચાર્જિસના ૩૦%

ઉર્જા ચાર્જ

સમાન દર	૩૪૦ પૈસા પ્રતિ યુનિટ

ઉપરોક્ત જે તે પ્રશુલ્ક વર્ગની શરતો ન સંતોષે તો તે આવા ઉપભોક્તા સંબંધિત બીલીંગ સમયગાળા માટે HTMD વર્ગ માટેના પ્રશુલ્ક લાગુ પડશે.

તા. ૩૧.૦૩.૨૦૧૬ના પ્રશુલ્ક આદેશના સંદર્ભમાં ટોરેન્ટ પાવર લી. સુરતને (દિવસના સમય આધારિત પ્રશુલ્ક) (ToD) પાછળના કોષ્ટકમાં દર્શાવેલ દરે અમલી બનશે.

દર - HTMD -૧ :

સ્થાનિક સત્તા મંડળો દ્વારા સંચાલિત પંપીગ સ્ટેશન સિવાયના હેતુઓ મટે ૩.૩ KV અને તેથી વધુ ના ઊર્જા પુરવઠાના ઉપભોક્તાઓ કે જેઓનો કરાર ૧૦૦ KVA અને તેથી વધુ માંગ માટેનો હોય. તેઓને આ પ્રશુલ્ક લાગુ પડશે.

૧	પ્રત્યેક KVA દીઠ પ્રતિ માસના બીલીંગ માંગના પ્રથમ ૪૦૦ યુનિટ માટે	૪૮૦ પૈસા પ્રતિ યુનિટ
૨	પ્રતિમાસ બાકી રહેલા યુનિટના વપરાશ માટે	૪૭૦ પૈસા પ્રતિ યુનિટ

વપરાશના સમય આધારિત ચાર્જ :

બે વ્યસ્ત સમય દરમ્યાનની ઉર્જા વપરાશ માટે, જેમકે, ૦૭.૦૦ કલાકથી ૧૧.૦૦ કલાક અને ૧૮.૦૦ કલાકથી ૨૨.૦૦ કલાક		
૧	૫૦૦ KVA સુધીની બીલીંગ માંગ માટે	૬૫ પૈસા પ્રતિ યુનિટ
૨	૫૦૦ KVA થી વધુની બીલીંગ માંગ માટે	૧૦૦ પૈસા પ્રતિ યુનિટ

દર - NTCT રાત્રી દરમ્યાનના રાહત પ્રશુલ્ક

જે મીટરમાં સમયની સ્વીચ અથવા સમય પરિમાણની સવલત હોય અને રાત્રીના ૨૨.૦૦ કલાકથી બીજા દિવસના સવારે ૬.૦૦ કલાક સુધી વીજ વપરાશની નોંધ મીટરમાં થયેલ હોય અને માસ દરમ્યાન કુલ વપરાશના ત્રીજા ભાગથી વધુ વપરાશ જો થયેલ હોય તો તે પ્રત્યેક kWh પર ૬૦ પૈસા વળતર મેળવવા પાત્ર બનશે.

દર - HTMD - ૨ :

સ્થાનિક સત્તા મંડળો દ્વારા સંચાલિત પાણી પુરવઠાના પંપીગ સ્ટેશનો કે જનો ૩.૩ KV અને તેથી વધુ ના ઊર્જા પુરવઠાના ઉપભોક્તાઓ કે જેમનો કરાર માંગ ૧૦૦ KVA અને તેથી વધુ માંગ માટેનો હોય. તેઓને આ પ્રશુલ્ક લાગુ પડશે.

ઉર્જા ચાર્જ :

૧	પ્રત્યેક KVA દીઠ પ્રતિ માસના બીલીંગ માંગના પ્રથમ ૪૦૦ યુનિટ માટે	૪૭૫ પૈસા પ્રતિ યુનિટ
૨	પ્રતિમાસ બાકી રહેલા યુનિટના વપરાશ માટે	૪૭૦ પૈસા પ્રતિ યુનિટ

વત્તા

વપરાશના સમય આધારિત ચાર્જ :

નીચે દર્શાવેલ કલાકો દરમ્યાન વપરાશ થયેલ હોય :

બે વ્યસ્ત સમય દરમ્યાનની ઉર્જા વપરાશ માટે, જેમકે, ૦૭.૦૦ કલાકથી ૧૧.૦૦ કલાક અને ૧૮.૦૦ કલાકથી ૨૨.૦૦ કલાક		
૧	૫૦૦ KVA સુધીની બીલીંગ માંગ માટે	૪૫ પૈસા પ્રતિ યુનિટ
૨	૫૦૦ KVA થી વધુની બીલીંગ માંગ માટે	૮૦ પૈસા પ્રતિ યુનિટ

દર - NTCT રાત્રી દરમ્યાનના રાહત પ્રશુલ્ક

જે મીટરમાં સમયની સ્વીચ અથવા સમય પરિમાણની સવલત હોય અને રાત્રીના ૨૨.૦૦ કલાકથી બીજા દિવસના સવારે ૦૬.૦૦ કલાક સુધી વીજ વપરાશની નોંધ મીટરમાં થયેલ હોય અને માસ દરમ્યાન કુલ વપરાશના ત્રીજા ભાગથી વધુ વપરાશ જો થયેલ હોય તો તે પ્રત્યેક Kwh પર ૬૦ પૈસા વળતર મેળવવા પાત્ર બનશે.

દર - HTMD -૩

૧૦૦ KVAથી નીચે નહિ તેવા હંગામી સમય માટેનો કરાર કરનાર ગ્રાહક જે ઉંચા વિજ દબાણ સાથેનો વિજ પુરવઠો લે તેને આ લાગુ પડશે.

ઊર્જા ચાર્જ :

સમાન દર	૬૯૫ પૈસા પ્રતિ યુનિટ

વપરાશનાં સમય આધારિત ચાર્જ :

બે વ્યસ્ત સમય દરમ્યાનની ઉર્જા વપરાશ માટે, જેમકે, ૦૭.૦૦ કલાકથી ૧૧.૦૦ કલાક અને ૧૮.૦૦ કલાકથી ૨૨.૦૦ કલાક		
૧	૫૦૦ KVA સુધીની બીલીંગ માંગ માટે	૪૫ પૈસા પ્રતિ યુનિટ
૨	૫૦૦ KVA થી વધુની બીલીંગ માંગ માટે	૮૦ પૈસા પ્રતિ યુનિટ

દર - HTCT રાત્રી દરમ્યાનના રાહત પ્રશુલ્ક :

નિયમિત વિજ પૂરવઠો મેળવવા ઉપભોક્તાઓ કે જેઓએ ફક્ત રાત્રિના ૨૨.૦૦ કલાકથી બીજા દિવસના ૦૬.૦૦ કલાક દરમ્યાન વિજ વપરાશનો વિકલ્પ સ્વીકારેલ હોય. તેઓને રાત્રી સમયના રાહત પ્રશુલ્ક લાગુ પડશે.

સ્થાયી ચાર્જ :

સ્થાયી ચાર્જ	સંબંધિત પ્રશુલ્ક વર્ગના ડીમાન્ડ ચાર્જિસના ૩૦%

ઊર્જા ચાર્જ :

ઉર્જા ચાર્જ	૩૪૦ પૈસા પ્રતિ યુનિટ

ઉપરોક્ત જે તે પ્રશુલ્ક વર્ગની શરતો ન સંતોષે તો તે આવા ઉપભોક્તા સંબંધિત બીલીંગ સમયગાળા માટે HTMD વર્ગ માટેના પ્રશુલ્ક લાગુ પડશે.

3.3.૪ FPPPA ચાર્જીસ :

ભારત સરકાર દ્વારા પ્રશુલ્ક નીતિ જે જાહેર કરવામાં આવી છે. તેમાં અનિયંત્રિત ખર્ચની ઝડપી વસુલાતની જોગવાઈ કરવામાં આવેલ છે જેથી ઉપભોક્તાઓએ ભવિષ્યમાં પૂર્વ ખર્ચનો બોજ ઉઠાવવો ન પડે.

વિદ્યુત માટેની અપીલ પ્રાધિકરણે તા. ૧૧ મી નવેમ્બર ૨૦૧૧ ના આદેશ ક્રમાંક: ૧/૨૦૧૧ના નિર્દેશ અનુસાર, દરેક રાજ્યના આયોગે વિજ અધિનિયમ કલમ ૬૪ (૪) મુજબ વિતરણ કંપનીઓને નાણાંકીય વર્ષમાં ઉર્જા ખરીદીની પડતરમાં વધારાને સરભર કરવા બળતણ અને ઉર્જા ખરીદી પડતર સરભર માળખું ગોઠવવું જરૂરી છે.

રાજ્યની માલિકીની વિજ વિતરણ કંપનીઓમાં ૨૦૦૪થી અને ટીપીએલમાં ૨૦૦૭થી બળતણ અને વિજ ખરીદી સરભર ચાર્જિસ ત્રિમાસીક સમયગાળા માટે સરભર કરવાની પ્રથા અમલમાં છે. આયોગના તા. ૨૪-૬-૨૦૦૪ના આદેશથી રાજ્યની વિજ વિતરણ કંપનીઓ માટે FPPPA ની ફોર્મ્યુલા માન્ય કરેલ છે. અને TPL ને તા. ૩૧-૭-૨૦૦૭ના આદેશથી લાગુ પાડેલ છે. તારીખ ૨૯ મી ઓક્ટોબર ૨૦૧૩ના કેસ નં. ૧૩૦૯/૨૦૧૩ અને ૧૩૧૩/૨૦૧૩થી આયોગે FPPPA ની જુની ફોર્મ્યુલા મુજબ જુદા જુદા સ્ત્રોતમાંથી ઉર્જા ખરીદીના ભાવ તફાવતને પુરેપુરી સરભર થઈ શકતી ન હોય તેમાં સુધારા સાથેની સુધારેલી ફોમ્યુર્લા માન્ય કરી. આના કારણે મોટી રકમ વણવસુલાયેલ હતી. જે ટ્રુ-અપ સમયે ઘટ તરીકે દર્શાવાતી હતી. આથી વિજ ખરીદીમાં ભાવ તફાવતને સમયસર વસૂલ કરવા FPPPA ની વધુ વાસ્તવિક ફોમ્યુલા આયોગે માન્ય કરી.

આયોગે ચાલુ ત્રિમાસિક સમયગાળામાં અગાઉના ત્રિમાસની સરખામણીએ દસ (૧૦) પ્રતિ Kwh પૈસાથી વધુ FPPPA પરવાનેદારોને નિર્દેશ આપ્યા.

રાજ્યની માલિકીની વિતરણ કંપનીઓ ટી.પી.એલ. નિયમિતપણે બળતણ અને ઉર્જા ખરીદી સરભર ચાર્જીસ FPPPA ત્રિમાસિક ચાર્જીસની ગણતરી માટે તમામ આધારીત દસ્વાતેજો સાથે ત્રિમાસિક ધોરણે આયોગને નિયમિત પણે રજૂ કરે છે. આયોગ વિતરણ કંપનીઓએ રજૂ કરેલા દસ્વાવેજોનું પૃથ્થકરણ કરે છે, અને મૂળ FPPPA આદેશમાં કોઈ વિસંગતતા કે તફાવત જણાય તો જરૂરી સૂચનાઓ વિતરણ કંપનીને આપે છે. આયોગની સૂચનાના આધારા FPPPA ચાર્જીસમાં જરૂરી સુધારા કરવાના હોય તો વિતરણ કંપની તે મુજબ કરે છે.

નાણાકિય વર્ષ ૨૦૧૬-૧૭ માટે બિલ કરવામાં આવેલ FPPPA ચાર્જીસ નીચેના કોષ્ટકમાં દર્શાવેલ છે.

નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૭	રાજ્ય હસ્તક વિતરણ કંપનીઓ
એપ્રિલ ૧૬ થી જૂન ૧૬	₹. ૧.૪૪ પ્રતિ યુનિટ
જુલાઈ ૧૬ થી સપ્ટેમ્બર ૧૬	₹. ૧.૫૪ પ્રતિ યુનિટ
ઓક્ટો. ૧૬ થી ડિસે. ૧૬	₹. ૧.૭૩ પ્રતિ યુનિટ
જાન્યુ. ૧૭ થી માર્ચ ૧૭	₹. ૧.૭૬ પ્રતિ યુનિટ

નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૭	ટોરેન્ટ પાવર (અમદાવાદ, સુરત)
એપ્રિલ ૧૬ થી જૂન ૧૬	₹. ૧.૩૦ પ્રતિ યુનિટ
જુલાઈ ૧૬ થી સપ્ટેમ્બર ૧૬	₹. ૦.૮૦ પ્રતિ યુનિટ
ઓક્ટો. ૧૬ થી ડિસે. ૧૬	₹. ૦.૯૦ પ્રતિ યુનિટ
જાન્યુ. ૧૭ થી માર્ચ ૧૭	₹. ૧.૦૦ પ્રતિ યુનિટ

મંજુરી માટે આયોગને રજૂ કરાયેલી FPPPA વસુલાત અને FPPPA ગણતરી અંગેની માહિતી પરવાનેદારની વેબસાઇટ પર રાખવામાં આવી છે.

૩.૪ પીટીશનનો અને અપીલોનો નિકાલ :

નાણાકિય વર્ષ ૨૦૧૬-૧૭ દરમિયાન આયોગે ૩૭ પીટીશનનો નિકાલ કર્યો. અને ૧૧૨ પીટીશનો અને ૧ અપીલ તા. ૩૧-૦૩-૨૦૦૧૭ના રોજ પડતર હતી. નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૭ દરમિયાન પરચુરણ અરજીઓ અને પરવાનેદાર અરજીઓ મળેલ નથી. વિગતો નીચે કોષ્ટકમાં દર્શાવેલ

વિગત	૦૧.૦૪.૨૦૧૬ના રોજ બાકી	વર્ષ દરમિયાન મળેલ	કુલ	વર્ષ દરમિયાન નિકાલ	૩૧.૦૩.૨૦૧૭ના રોજ બાકી
પીટીશન	૬૮	૮૧	૧૪૯	૩૭	૧૧૨
અપીલ	૧	૦	૧	૦	૧
કુલ	**૬૯**	**૮૧**	**૧૫૦**	**૩૭**	**૧૧૩**

નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૭ દરમિયાન નિકાલ થયેલ પીટીશનોવિગત અનુક્રમે જોડાણ નં. ૩ માં દર્શાવેલ છે.

નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૭ દરમિયાન પીટીશન-અપીલની સ્થિતિ



૩.૫ વિવાદ અને મતભેદનો ન્યાય નિર્ણય :

ગ્રાહક તકરાર નિવાર ફોરમ

ગ્રાહકોની ફરિયાદના યોગ્ય નિવારણ માટે વિજ-અધિનિયમ ૨૦૦૩ની કલમ ૪૨ (૫)ની જોગવાઈ હેઠળ વિતરણ પરવાનેદારે ગ્રાહક તકરાર નિવારણ ફોરમની રચના કરવાની રહે છે. તદ્ઉપરાંત ફોરમના નિર્ણયની સામે રજૂઆત કરવા વિદ્યુત લોકપાલની કચેરીની સ્થાપનાની પણ જોગવાઈ છે. વિતરણ પરવાનેદાર, ફરીયાદના નિવારણ માટે કોઈ વ્યવસ્થા ગોઠવેને તે ઉપરાંતની વધારાની વ્યવસ્થા છે.

રાજ્યમાં કાર્યરત છ વિજ વિતરણ પરવાનેદારોએ ગ્રાહક તકરાર નિવારણ ફોરમની રચના કરેલ છે. વિવિધ પરવાનેદારોએ સ્થાપેલ ગ્રાહક તકરાર નિવારણ ફોરમમાં આયોગે સ્વતંત્ર સભ્યોની નિમણુંક કરેલ છે. ફોરમની કચેરીની વિગત જોડાણ-૫માં આપેલ છે. આયોગ ફોરમ દ્વારા મોકલવામાં આવતાં ત્રિમાસિક અહેવાલ અને સમીક્ષા બેઠકો દ્વારા કામકાજની દેખરેખ રાખે છે.

વિદ્યુત લોકપાલ

આયોગે સુસજ્જ કચેરી અને કર્મચારીગણની સવલત સાથે શ્રી દિલીપ રાવલની વિદ્યુત લોકપાલ તરીકે નિમણુંક કરેલ છે. GERC, ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને વિદ્યુત લોકપાલ વિનિયમો ૨૦૧૧ હેઠળ ફોરમના આદેશો વિરૂદ્ધની રજૂઆતો અંગેની કામગીરી કરે છે. વિદ્યુત લોકપાલની કચેરીને મળેલ રજુઆતની વિગત નીચેના કોષ્ટકમાં દર્શાવેલ છે.

વર્ષની શરૂઆતમાં પડતર કેસોની સંખ્યા	વર્ષ દરમિયાન મળેલ કેસોની સંખ્યા	કુલ કેસોની સંખ્યા	વર્ષ દરમિયાન નિકાલ કરેલ કેસોની સંખ્યા	વર્ષના અંતે પડતર કેસોની સંખ્યા
૨૬	૧૧૮	૧૪૪	૧૪૦	૦૪

ફોરમ વાર અને ફરીયાદના પ્રકારવાર વિગત જોડાણ-૬, ૭ અને ૮ માં દર્શાવેલ છે.

નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૭ દરમ્યાન વિદ્યુત લોકપાલને મળેલ અપીલો.



નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૭ દરમ્યાન વિદ્યુત લોકપાલે નિકાલ કરેલ કેસો



	PGVCL - Bhavnagar	PGVCL - Rajkot	PGVCL - Bhuj	MGVCL	DGVCL -	UGVCL -	TPL - Ahd.	TPL - Surat	કુલ
અરજદારની તરફેણમાં	૧૫	૯	૨	૪	૧૧	૧૨	૧	૦	૫૪
પરવાનેદારની તરફેણમાં	૧૯	૧૦	૦	૮	૫	૧૧	૧૦	૫	૬૮
અન્ય	૨	૨	૧	૦	૨	૨	૭	૨	૧૮
કુલ	**૩૬**	**૨૩**	**૩**	**૧૨**	**૧૮**	**૨૫**	**૧૮**	**૭**	**૧૪૦**

૩.૬ રાજ્ય સલાહકાર સમિતિ

વિદ્યુત અધિનિયમ, ૨૦૦૩ની જોગવાઈ હેઠળ રાજ્ય સલાહકાર સમિતિની રચના કરવામાં આવેલ છે. જેમાં ઉદ્યોગ, વાણિજ્ય, પરિવહન, કૃષિ ગ્રાહકો, સ્વૈચ્છિક સંગઠનો, શિક્ષણ અને સંશોધન ક્ષેત્રનાં પ્રતિનિધિનો સમાવેશ કરવામાં આવેલ છે. સમિતિની રચનાની વિગત જોડાણ-૯માં આપવામાં આવેલ છે. સમિતિ નીચેના પ્રશ્નોનો ઉકેલ માટે નિયમિત સમયાંતરે મળે છે.

૧. નીતિ વિષયક પ્રશ્નો.
૨. પરવાનેદાર દ્વારા ગુણવત્તાયુક્ત, સાતત્ય, પુર્ણ પુરવઠો પુરો પાડવા અંગે.
૩. પરાવનેદારો દ્વારા શરતો અને બોલીઓના અમલીકરણ અંગે.
૪. ગ્રાહકના હિતનાં રક્ષણ અંગે.
૫. યુટીલીટીઝ દ્વારા પુરો પાડવામાં આવતો વિજ પુરવઠો અને ગુણવત્તાના માપદંડ.

નાણાકીય વર્ષ ૨૦૧૬-૧૭ દરમિયાન આ સમિતિની ૨૩મી બેઠક ગીફ્ટ સીટી, ગાંધીનગર ખાતે તા. ૨૩ જાન્યઆરી, ૨૦૧૭ના રોજ યોજવામાં આવેલ હતી.

૩.૭ તાલીમ કાર્યક્રમ

તા. ૦૧-૦૪-૨૦૧૬ થી તા. ૩૧-૦૩-૨૦૧૭ દરમ્યાન ૧૦ તાલીમ/કાર્યશાળા વગેરેમાં જી.ઈ.આર.સી. નાં કર્મચારી ગણે ભાગલ લીધેલ હતો.

૩.૮ (FOR) બેઠકો :

ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના ચેરમેન, જેઓ આ ફોરમના સભ્ય, તેમણે નીચેની બેઠકોમાં સક્રિય ભાગ લીધો હતો.

ક્રમ નં.	સમયગાળો	વિગત	ઉપસ્થિતિ
૧.	૦૮-૦૪-૨૦૧૬	ફોરમ ઓફ રેગ્યુલેટર્સની (FOR) ૫૩મી બેઠક તા. ૭થી ૯ એપ્રિલ, ૨૦૧૬ દરમ્યાન રમાડા, પ્લાઝા, જેએચવી, વારાણસી, (યુ.પી.) ખાતે	શ્રી આનંદ કુમાર, ચેરમેન
૨.	૧૭-૦૬ ૨૦૧૬	ફોરમ ઓફ રેગ્યુલેટર્સની (FOR) "પુન: પ્રાપ્ય ઉર્જા વર્કીંગ ગ્રુપ" તા. ૧૭ જુન, ૨૦૧૭ ૧૦.૩૦ કલાકે નવી દિલ્હી ખાતે	શ્રી આનંદ કુમાર, ચેરમેન
૩.	૨૪-૦૬-૨૦૧૬ થી ૨૬-૦૬-૨૦૧૬	પોંડિચેરી ખાતે યોજાયેલી FOIR વાર્ષિક બેઠક	શ્રી આનંદ કુમાર, ચેરમેન
૪.	૨૨-૦૭-૨૦૧૬	સીઇઆરસી કચેરી ખાતે ફોરમ ઓફ રેગ્યુલેટર્સની (FOR)૫૫મી બેઠક નવી દિલ્હી ખાતે	શ્રી આનંદ કુમાર, ચેરમેન
૫.	૧૬-૦૯-૨૦૧૬	FOIR બેઠક ગવર્નિંગ બોડી નવી દિલ્હી ખાતે	શ્રી આનંદ કુમાર, ચેરમેન
૬.	૧૬-૧૨-૨૦૧૬	રાયપુરમાં ફોરમ ઓફ રેગ્યુલેટર્સની (FOR) ૫૭મી બેઠક	શ્રી આનંદ કુમાર, ચેરમેન
૭.	૦૨-૦૨-૨૦૧૭ થી ૦૪-૦૨-૨૦૧૭	ગોવા ખાતે FOIR બેઠક	શ્રી આનંદ કુમાર, ચેરમેન
૮.	૨૭-૦૨-૨૦૧૭	ફોરમ ઓફ રેગ્યુલેટર્સની (FOR) દિલ્હી ખાતે બેઠક	શ્રી આનંદ કુમાર, ચેરમેન
૯.	૧૦-૦૬-૨૦૧૭	ભારતીય રેગ્યુલેટર્સ ફોરમ (FOIR) બેઠક	શ્રી કે. એમ. શ્રીંગારપુરે
૧૦.	૨૩-૦૬-૨૦૧૬ થી ૨૫-૦૬-૨૦૧૬	ફોરમ ઓફ રેગ્યુલેટર્સની (FOR) વાર્ષિક સામાન્ય બેઠક અને કાર્યશાળા/ સંશોધન પરિષદ	શ્રી કે. એમ. શ્રીંગારપુરે
૧૧.	૦૨-૦૨-૨૦૧૭	અધ્યક્ષો અને રેગ્યુલેટરી કમિશનના અધિકારીઓના સભ્યો માટે (FOIR) વર્કશોપ/ સંશોધન પરિષદ	શ્રી કે. એમ. શ્રીંગારપુરે
૧૨.	૨૩-૦૬-૨૦૧૬ થી ૨૫-૦૬-૨૦૧૬	FOIR તા. ૨૩ થી ૨૫ જુન,૨૦૧૬ ના રોજ પોંડિચેરીમાં વાર્ષિક સામાન્ય બેઠક	શ્રી પી. જે. ઠક્કર
૧૩.	૧૩-૦૭-૨૦૧૬	સીઇઆરસી, નવી દિલ્હી ખાતે પાવર ક્વોલિટીના ફોરમ ઓફ રેગ્યુલેટર્સની (FOR) પેટા સમુહની બેઠક	શ્રી પી. જે. ઠક્કર
૧૪.	૦૬-૦૧-૨૦૧૭	સીઇઆરસી, નવી દિલ્હીમાં "પાવર ક્વોલિટી" પર પેટા-સમુહ માટેની ચોથી બેઠક	શ્રી પી. જે. ઠક્કર

ક્રમ નં.	સમયગાળો	વિગત	ઉપસ્થિતિ
૧૫.	૦૨-૦૨-૨૦૧૭ થી ૦૪-૦૨-૨૦૧૭	ગોવા ખાતેના અધ્યક્ષો અને નિયમન કારી કમિશન/સત્તાવાળાઓના સભ્યો માટે FOIR વર્કશોપ/સંશોધન પરિષદ	શ્રી પી. જે. ઠક્કર
૧૬.	૨૭-૦૨-૨૦૧૭	ફોરમ ઓફ રેગ્યુલેટર્સની (FOR) ૫૮મી બેઠક સીઇઆરસી, નવી દિલ્હી	શ્રી પી. જે. ઠક્કર

૩.૯ (Foir) બેઠકો :

ભારતીય નિયંત્રકોની ફોરમની નોંધણી સોસાયટીઝ રજિસ્ટ્રેશન એક્ટ હેઠળ નોંધાયેલી છે. જે નિયમનકારી સંસ્થાઓના કામકાજમાં પારદર્શકતાને પ્રોત્સાહન આપવા, ગ્રાહકોનાં હિતનાં રક્ષણ અને ગ્રાહકોનાં હિતના સંગઠનને પ્રતિનિધિત્વ આપવા, વ્યક્તિગત અને સંસ્થાકીય પ્રતિનિધિત્વ વિનિયમ એકમમાં વધારવા યુટીલીટીઝ અને અન્ય હિતબંધનકર્તાને પ્રતિનિધિત્વ, ગુણવત્તાના સંશોધનને પ્રોત્સાહન અને તે માટે સ્વતંત્ર વિનિયમન એકમ અને વિનિયમકારી કાયદા, નિયમોની જાણકારી તથા જાગૃતિ કેળવવા તથા વ્યાવસાયિક અને બિન અસરકારી સંગઠનોની ભાગીદારી અંગેના લક્ષ્ય ધરાવે છે.

૩.૧૦ મહત્વપુર્ણ આદેશો/વિનિયમો :

૩.૧૦.૧ વધારોનો ચાર્જ : આયોગે તેના તા. ૧૨-૦૩-૨૦૧૪ના આદેશ તેમજ ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિ. અને વિજ વિતરણ પરવોનેદારો PGVCL, MGVCL, DGVCL, UGVCL, દ્વારા દાખલ થયેલ પીટીશન નં. ૧૩૦૨ / ૨૦૧૩ પરના તા. ૧૭-૦૪-૨૦૧૪ના આદેશ સાથે વંચાણે લઇ વધારાના સરચાર્જની ગણતરી માટે પ્રયોજ્યતા અને પધ્ધતિ નિયત કરેલ.

ત્યાર બાદ અર્ધ વાર્ષિક નિયંત્રિત સમયગાળા એટલે કે, ૧ એપ્રિલ થી ૩૦ સપ્ટેમ્બર અને ૧ ઓકટોમ્બર થી ૩૧ માર્ચ માટે પરવાનેદારોએ રજૂ કરેલ માહિતીને આધારે વધારાના સરચાર્જ નિર્ધારણની પ્રક્રિયા હાથ ધરેલ. પીટીશન નં. ૧૩૦૨ / ૨૦૧૩ પરના તા. ૧૨-૦૩-૨૦૧૪ના આદેશ મુજબ મંજુર થયેલ ફોર્મ્યુલા અને પધ્ધતિના આધારે ૧ એપ્રિલ થી ૩૦ સપ્ટેમ્બર, ૨૦૧૬ માટે આદેશ ક્રમાંક ૧/૨૦૧૬ તા. ૦૪-૦૩-૨૦૧૬થી આયોગે વધારાના સરચાર્જ ₹. ૦.૪૯/kWh નિર્ધારિત કરેલ અને ૧ ઓકટોમ્બર થી ૩૧ માર્ચ, ૨૦૧૬ માટે આયોગે આદેશ ક્રમાંક ૩/૨૦૧૬ તા. ૦૧-૧૦-૨૦૧૬થી વધારાના સરચાર્જ ₹. ૦.૪૪/kWh નિર્ધારિત કરેલ.

૩.૧૦.૨ ગુજરાત વિજ નિગમ અયોગ (સર અને પવન ઉર્જા સ્ત્રોતો માટે આગાહી, અનુસૂચિ ફેરફાર, સમાધાન અને સંબંધિત બાબતો) વિનિયમો, ૨૦૧૭નો મુસદ્દો.

આયોગે ગુજરાત વિજ નિગમ અયોગ (સૌર અને પવન ઉર્જા સ્ત્રોતો માટે આગાહી, અનુસૂચિ ફેરફાર, સમાધાન અને સંબંધિત બાબતો) વિનિયમો, ૨૦૧૭નો મુસદ્દો તૈયાર કરવામાં આવેલ અને તા. ૧૩-૦૧-૨૦૧૭ના રોજ બહાર પાડી પક્ષકારોના સુચનો / વાંધાઓ આમંત્રિત કરવામાં આવેલ. વિનિયમોની વિવિધ ડ્રાફ્ટ કલમો જુદા જુદા હેડ જેવા કે કાર્યક્ષેત્ર, હેતુઓ, આગાહી અને અનુસૂચિ સંહિતા, ક્વોલિફાઇડ કોઓર્ડિનેટૉગ એજન્સી (QCA) માટે લાયકાતના ધોરણો, નાણાકીય અને ત્રુટિ સમાધાન, અમલીકરણ

પ્રક્રિયા, QCA અને SLDC વચ્ચે સંચાર માધ્યમો, મીટરની પ્રાપ્યતા, હિસાબી ત્રુટિઓ, ચાર્જીસમાં ત્રુટિના સમાધાન, ચૂકવણા પધ્ધતિ અને સલામતી, કાપ બાબતે માહિતી, ઉર્જા હિસાબ, ડેવિએશન ચાર્જનું ડિ-પુલિંગ વગેરેનો કથિત મુસદ્દામાં સમાવેશ કરેલ છે. આયોગ દ્વારા સૂચિત આ વિનિયમોની મુખ્ય વિશેષતાઓ,સંપૂર્ણ ભૂલ શ્રેણી (absolute error range) અને અનુરૂપ વિચલન ચાર્જ (corresponding deviation charge) નીચે મુજબ છે.

તા. ૩૦-૦૧-૨૦૧૦ પહેલા કાર્યરત થયેલ પવન ઉર્જા આધારિત મથક / પુલિંગ સ્ટેશન માટે		
ક્રમ	૧૫ મિનિટના સમયખંડમાં સંપૂર્ણ ભૂલ	રાજ્ય DSM પુલને ચૂકવવાપાત્ર વિચલન ચાર્જ
	(absolute error)	(deviation charge)
૧	< = ૧૨%	કંઇ નહિ
૨	< = ૧૨% પણ < = ૨૦%	સંપૂર્ણ ભૂલ ૧૨% થી વધારે અને ૨૦% સુધી હોય તો ઉર્જા ઘટ અને વધારાની ઉર્જા માટે ₹. ૦.૩૫ પ્રતિ યનિટ પ્રમાણે.
૩	> = ૨૦% પણ < = ૨૮%	૧૨%થી વધારે અને ૨૦% સુધી હોય તો ઉર્જા ઘટ અને વધારાની ઉર્જા માટે ₹. ૦.૩૫ પ્રતિ યનિટ પ્રમાણે. + ૦ ૨૦% થી વધારે અને ૨૮% સુધી ₹. ૦.૭૦ પ્રતિ યનિટ પ્રમાણે બાકીની ઉર્જા માટે.
૪	> ૨૮%	૧૨%થી વધારે અને ૨૦% સુધી હોય તો ઉર્જા ઘટ અને વધારાની ઉર્જા માટે ₹. ૦.૩૫ પ્રતિ યનિટ પ્રમાણે. + ૦ ૨૦% થી વધારે અને ૨૮% સુધી ₹. ૦.૭૦ પ્રતિ યનિટ પ્રમાણે બાકીની ઉર્જા માટે. + ૦ ૨૮%થી વધારે બાકીની ઉર્જા માટે સુધી ₹. ૧.૦૫ પ્રતિ યુનિટ પ્રમાણે.

તા. ૩૦-૦૧-૨૦૧૦ પહેલા કાર્યરત થયેલ પવન ઉર્જા આધારિત મથક / પુલિંગ સ્ટેશન માટે		
ક્રમ	૧૫ મિનિટના સમયખંડમાં સંપૂર્ણ ભૂલ	રાજ્ય DSM પુલને ચૂકવવાપાત્ર વિચલન ચાર્જ
	(absolute error)	(deviation charge)
૧	< = ૮%	કંઇ નહિ
૨	< = ૮% પણ < = ૧૬%	સંપૂર્ણ ભૂલ ૮% થી વધારે અને ૧૬% સુધી હોય તો ઉર્જા ઘટ અને વધારાની ઉર્જા માટે ₹. ૦.૩૫ પ્રતિ યનિટ પ્રમાણે.
૩	> = ૧૬% પણ < = ૨૪%	૮%થી વધારે અને ૧૬% સુધી હોય તો ઉર્જા ઘટ અને વધારાની ઉર્જા માટે ₹. ૦.૩૫ પ્રતિ યનિટ પ્રમાણે. + ૦ ૧૬% થી વધારે અને ૨૪% સુધી ₹. ૦.૭૦ પ્રતિ યનિટ પ્રમાણે બાકીની ઉર્જા માટે.
૪	> ૨૪%	૮%થી વધારે અને ૧૬% સુધી હોય તો ઉર્જા ઘટ અને વધારાની ઉર્જા માટે ₹. ૦.૩૫ પ્રતિ યનિટ પ્રમાણે. + ૦ ૧૬% થી વધારે અને ૨૪% સુધી ₹. ૦.૭૦ પ્રતિ યનિટ પ્રમાણે બાકીની ઉર્જા માટે. + ૦ ૨૪%થી વધારે બાકીની ઉર્જા માટે સુધી ₹. ૧.૦૫ પ્રતિ યુનિટ પ્રમાણે.

સૌર ઉર્જા આધારિત મથક / પુલિંગ સ્ટેશન માટે		
ક્રમ	૧૫ મિનિટના સમયખંડમાં સંપૂર્ણ ભૂલ	રાજ્ય DSM પુલને ચૂકવવાપાત્ર વિચલન ચાર્જ
	(absolute error)	(deviation charge)
૧	< = ૭%	કંઇ નહિ
૨	< = ૭% પણ < = ૧૫%	સંપૂર્ણ ભૂલ ૭% થી વધારે અને ૧૫% સુધી હોય તો ઉર્જા ઘટ અને વધારાની ઉર્જા માટે ₹. ૦.૬૦ પ્રતિ યનિટ પ્રમાણે.
૩	> = ૭% પણ < = ૧૫%	૭%થી વધારે અને ૧૫% સુધી હોય તો ઉર્જા ઘટ અને વધારાની ઉર્જા માટે ₹. ૦.૬૦ પ્રતિ યનિટ પ્રમાણે. + ૦ ૧૫% થી વધારે અને ૨૩% સુધી ₹. ૧.૨૦ પ્રતિ યનિટ પ્રમાણે બાકીની ઉર્જા માટે.
૪	> ૨૩%	૭%થી વધારે અને ૧૫% સુધી હોય તો ઉર્જા ઘટ અને વધારાની ઉર્જા માટે ₹. ૦.૬૦ પ્રતિ યનિટ પ્રમાણે. + ૦ ૧૫% થી વધારે અને ૨૩% સુધી ₹. ૧.૨૦ પ્રતિ યનિટ પ્રમાણે બાકીની ઉર્જા માટે. + ૦ ૨૩%થી વધારે બાકીની ઉર્જા માટે સુધી ₹. ૧.૮૦ પ્રતિ યુનિટ પ્રમાણે.

૩.૧૦.૩ આદેશ નં. ૨/૨૦૧૬ પવન ઉર્જા આધારિત પ્રોજેક્ટસમાંથી વિતરણ પરવાનેદારો અને અન્ય દ્વારા ઉર્જા ખરીદી માટે પ્રશુલ્ક દર નિર્ધારણ :

આયોગ દ્વારા આદેશ ક્રમાંક ૨/૨૦૧૬ તા. ૩૦-૦૮-૨૦૧૬થી પવન ઉર્જા આધારિત પ્રોજેક્ટસ અને અન્ય વ્યાપારિક ક્ષેત્રોમાંથી વિતરણ પરવાનેદારો અને અન્ય દ્વારા ઉર્જા ખરીદી માટે અધિક આવકાર્ય પ્રશુલ્ક દર નિર્ધારિત કરેલ છે. આ આદેશનો નિયંત્રિત સમયગાળો આ આદેશ તારીખથી એટલે કે, તા. ૩૦-૦૮-૨૦૧૬થી તા. ૩૧-૦૩-૨૦૧૯ સુધીનો રહેશે. પ્રશુલ્ક દર નિર્ધારિત કરતી વખતે ધ્યાનમાં લેવાયેલ વિવિધ પરિબળો નીચે મુજબ છે.

નવા નિયંત્રણ સમયગાળા માટે	
પ્રોજેક્ટ ખર્ચ	
જમીન , પ્લાન્ટ અને મશીનરી , F & S સુવિધા LVRT . બાંધકામ અને સ્થળાંતર ખર્ચ સાથે કેપીટલ ખર્ચ	૬૧૫
પ્રથમ વર્ષ માટે સામાન્ય સંચાલન અને વ્યવસ્થાપન ખર્ચ (રૂ . લાખ / ૦૦)	૯.૯૦
સંચાલન અને વ્યવસ્થાપન ખર્ચમાં વધારો (વાર્ષિક બીજા વર્ષથી)	૫.૭૨%
કામગીરી પરિમાણો	
CUF	૨૪.૫%
પ્રોજેક્ટનું આયુષ્ય (વર્ષમાં)	૨૫
નાણાકીય પરિમાણો	
દેવું ઇક્વિટી રેશિયો	૭૦:૩૦
લોનની મુદ્દત (વર્ષમાં)	૧૦

ટર્મ લોન પર વ્યાજ	૧૧.૮૦%
કાર્યકારી મૂડી પર વ્યાજ	૧૧.૮૦%
ઘસારો	૭% (પ્રથમ ૧૦ વર્ષ માટે)
	૧.૩૩% (૧૧ થી ૨૫ વર્ષ માટે)
નવા નિયંત્રિત સમયગાળા માટે પરિમાણો	
ઇક્વિટી પર વળતર	૧૪%
લઘુત્તમ વૈકલ્પિક ટેક્ષ	૨૧.૩૪%
કોર્પોરેટ ઇન્કમ ટેક્ષ	૩૪.૬૧%
ડિસ્કાઉન્ટ રેટ	૧૦.૦૪%
ગ્રોસ પ્રશુલ્ક દર	₹. ૪.૭૨ પ્રતિ kWh
ઘસારા લાભ	₹. ૦.૫૩ પ્રતિ kWh
નેટ પ્રશુલ્ક દર	₹. ૪.૧૯ પ્રતિ kWh

આયોગ દ્વારા નિર્ધારિત વિતરણ પરવાનેદારોએ પવન ઉર્જા આધારિત વિજ ઉત્પાદકો કે જેમણે ટર્બાઇન જનરેટરને આ આદેશના નિયંત્રિત સમયગાળા દરમ્યાન ઇન્સ્ટોલ અને કાર્યરત કરેલ હોય તેમને ચૂકવવાપાત્ર નેટ પ્રશુલ્ક દર ₹. ૪.૧૯ પ્રતિ kWh છે.જે માટે પવન ઉર્જા આધારિત ટર્બાઇન જનરેટર્સ સાથે વિતરણ પરવાનેદારોએ ઉર્જા ખરીદી કરાર (PPA) કરવાના રહેશે.

૩.૧૦.૪ આદેશ ક્રમાંકઃ ૫/૨૦૧૬ઃ રાજ્યના નાના, મીની અને માઇક્રો જળ ઉર્જા આધારિત પ્રોજેક્ટસમાંથી વિતરણ પરવાનેદારો અને અન્ય દ્વારા ઉર્જા ખરીદી માટે પ્રશુલ્ક દર અને અન્ય શરતો અને નિયમોનું નિર્ધારણ.

આયોગ દ્વારા આદેશ ક્રમાંક ૫/૨૦૧૬ તા. ૧૪-૧૨-૨૦૧૬ થી નાના, મીની અને માઇક્રો જળ ઉર્જા આધારિત પ્રોજેક્ટસ અને અન્ય વ્યાપારિક ક્ષેત્રોમાંથી વિતરણ પરવાનેદારો અને અન્ય દ્વારા ઉર્જા ખરીદી માટે અધિક આવકાર્ય પ્રશુલ્ક દર નિર્ધારિત કરેલ છે. આ આદેશનો નિયંત્રિત સમયગાળો આ આદેશ તારીખથી એટલે કે, તા. ૧૪-૧૨-૨૦૧૬થી તા. ૩૧-૦૩-૨૦૧૯ સુધીનો રહેશે. પ્રશુલ્ક દર નિર્ધારિત કરતી વખતે ધ્યાનમાં લેવાયેલ વિવિધ પરિબળો નીચે મુજબ છે.

પરિમાણો	**સામુહિક ભસ્મીકરણ**	**RDF બેઝડ ભસ્મીકરણ**
પરિમાણો	**૫ MW થી નીચે**	**૫ - ૨૫ MW**
	પ્રોજેક્ટ ખર્ચ	
કુલ પ્રોજેક્ટ ખર્ચ (જમીન, પ્લાન્ટ અને મશીનરી, બાંધકામ અને GETCO ના સબ-સ્ટેશન સુધી સ્થળાંતર ખર્ચ)	૮૨૦	૭૪૮
પ્રથમ વર્ષ માટે સામાન્ય સંચાલન અને વ્યવસ્થાપન ખર્ચ (પ્રોજેક્ટ ખર્ચની ટકાવારી)	૩.૩%	૨.૫%
સંચાલન અને વ્યવસ્થાપન ખર્ચમાં વધારો (વાર્ષિક બીજા વર્ષથી)	૫.૭૨%	૫.૭૨%

	કામગીરી પરિમાણો	
CUF	૪૨%	૪૨%
ગૌણ વપરાશ	૧%	૧%
પ્રોજેક્ટનું આયુષ્ય (વર્ષમાં)	૩૫	૩૫
	નાણાકીય પરિમાણો	
દેવું ઇક્વિટી રેશિયો	૭૦:૩૦	૭૦:૩૦
લોનની મુદ્દત (વર્ષમાં)	૧૦	૧૦
ટર્મ લોન પર વ્યાજ	૧૧.૪૦%	૧૧.૪૦%
કાર્યકારી મૂડી પર વ્યાજ	૧૧.૪૦%	૧૧.૪૦%
ઘસારો	૭% (પ્રથમ ૧૦ વર્ષ માટે)	૭% (પ્રથમ ૧૦ વર્ષ માટે)
લઘુત્તમ વૈકલ્પિક ટેક્ષ	૨૧.૩૪%	૨૧.૩૪%
કોર્પોરેટ ઇન્કમ ટેક્ષ	૩૪.૬૧%	૩૪.૬૧%
ઇક્વિટી પર વળતર	૧૪%	૧૪%
ડિસ્કાઉન્ટ રેટ	૯.૭૨%	૯.૭૨%
પ્રશુલ્ક દર	ગ્રોસ પ્રશુલ્ક દર ₹. ૪.૩૨ પ્રતિ kWh	ગ્રોસ પ્રશુલ્ક દર ₹. ૩.૬૪ પ્રતિ kWh
	ઘસારા લાભ - ₹. ૦.૩૮ પ્રતિ kWh	ઘસારા લાભ - ₹. ૦.૩૫ પ્રતિ kWh
	નેટ પ્રશુલ્ક દર ₹. ૩.૯૪ પ્રતિ kWh	નેટ પ્રશુલ્ક દર ₹. ૩.૨૯ પ્રતિ kWh

આયોગ દ્વારા નિર્ધારિત વિતરણ પરવાનેદારોએ SHP ૫ MW સુધીના પ્રોજેક્ટ અને ૨ થી ૨૫ MW સુધીના પ્રોજેક્ટ કે જે આદેશના નિયંત્રિત સમયગાળા દરમ્યાન ઇન્સ્ટોલ અને કાર્યરત કરેલ હોય તેમને ચૂકવવાપાત્ર નેટ પ્રશુલ્ક દર અનુક્રમે ₹. ૩.૯૪ પ્રતિ kWh અને ₹. ૩.૨૯ પ્રતિ kWh છે.

જે માટે નાના જળ ઉર્જા આધારિત જનરેટર્સ સાથે વિતરણ પરવાનેદારોએ ઉર્જા ખરીદી કરાર (PPA) કરવાના રહેશે.

૩.૧૦.૫ આદેશ ક્રમાંક: ૪/૨૦૧૬: ગુજરાત રાજ્યના મ્યુનિસિપલ ઘન કચરા આધારિત પ્રોજેક્ટસમાંથી વિતરણ પરવાનોદારો દ્વારા ઉર્જા ખરીદી માટે પ્રશુલ્ક દર અને અન્ય શરતો અને નિયમોનું નિર્ધારણ.

આયોગ દ્વારા આદેશ ક્રમાંક: ૬/૨૦૧૬: તા. ૧૦-૧૧-૨૦૧૬થી મ્યુનિસિપલ ઘન કચરા આધારિત પ્રોજેક્ટસમાંથી વિતરણ પરવાનોદારો દ્વારા ઉર્જા ખરીદી માટે અધિક આવકાર્ય પ્રશુલ્ક દર નિર્ધારિત કરેલ છે. આ આદેશ તારીખથી એટલે કે, તા. ૧૦-૧૧-૨૦૧૬થી તા. ૩૧-૦૩-૨૦૧૯ સુધીનો રહેશે. પ્રશુલ્ક દર નિર્ધારિત કરતી વખતે ધ્યાનમાં લેવાયેલ વિવિધ પરિબળો પાછળ મુજબ છે.

પરિમાણો	સામુહિક ભસ્મીકરણ	RDF બેઝડ ભસ્મીકરણ
	પ્રોજેક્ટ ખર્ચ	
કુલ પ્રોજેક્ટ ખર્ચ (ઇન્ટર કનેક્શન પોઇન્ટ સુધી સ્થળાંતર ખર્ચ ₹. લાખ/MW)	૧૬૦૦	૯૦૦
પ્રથમ વર્ષ માટે સામાન્ય સંચાલન અને વ્યવસ્થાપન ખર્ચ (પ્રોજેક્ટ ખર્ચની ટકાવારી)	૬%	૫%
સંચાલન અને વ્યવસ્થાપન ખર્ચમાં વધારો (વાર્ષિક બીજા વર્ષથી)	૫.૭૨%	૫.૭૨%
	કામગીરી પરિમાણો	
PLF	૬૫% પ્રથમ વર્ષ માટે અને બીજા વર્ષથી ૭૫%	૬૫% પ્રથમ વર્ષ માટે અને બીજા વર્ષથી ૮૦%
ગૌણ વપરાશ	૧૬%	૧૨%
પ્રોજેક્ટનું આયુષ્ય (વર્ષમાં)	૨૦	૨૦
મથક ગરમી દર ૦૦૦૦૦૦	૦૦	૪૧૦૦
બળતણની ગ્રોસ કેલોરિફિક કિંમત K Cal/kg	૦૦	૨૫૦૦
બળતણની કિંમત	૦૦	રૂા. ૧૬૦૦ પ્રતિ ૦૦
બળતણની કિંમતમાં વધારો	૦૦	3%
	નાણાકીય પરિમાણો	
દેવું ઇક્વિટી રેશિયો	૭૦:૩૦	૭૦:૩૦
લોનની મુદ્દત (વર્ષમાં)	૧૦	૧૦
ટર્મ લોન પર વ્યાજ	૧૧.૮૦% પ્રતિ વર્ષ	૧૧.૮૦% પ્રતિ વર્ષ
કાર્યકારી મૂડી પર વ્યાજ	૧૧.૮૦% પ્રતિ વર્ષ	૧૧.૮૦% પ્રતિ વર્ષ
ઘસારો	૭% (પ્રથમ ૧૦ વર્ષ માટે)	૭% (પ્રથમ ૧૦ વર્ષ માટે)
	૨% (૧૧ થી ૨૦ વર્ષ માટે)	૨% (૧૧ થી ૨૦ વર્ષ માટે)
લઘુત્તમ વૈકલ્પિક ટેક્ષ	૨૦.૩૮૯%	૨૦.૩૮૯%
કોર્પોરેટ ઇન્કમ ટેક્ષ	૩૩.૦૬૩%	૩૩.૦૬૩%
ઇક્વિટી પર વળતર	૧૪%	૧૪%
ડિસ્કાઉન્ટ રેટ	૧૦.૨૫%	૧૦.૨૫%
૨૦ વર્ષ માટે સમતોલિત પ્રશુલ્ક દર	ઘસારા લાભ ન આપતા પ્રોજેક્ટ માટે પ્રશુલ્ક દર ₹. ૭.૦૩ પ્રતિ kWh ઘસારા લાભ ન આપતા પ્રોજેક્ટ માટે પ્રશુલ્ક દર ₹. ૬.૩૧ પ્રતિ kWh	ઘસારા લાભ ન આપતા પ્રોજેક્ટ માટે પ્રશુલ્ક દર ₹. ૭.૦૭ પ્રતિ kWh ઘસારા લાભ ન આપતા પ્રોજેક્ટ માટે પ્રશુલ્ક દર ₹. ૬.૬૭ પ્રતિ kWh

આયોગ દ્વારા નિર્ધારિત વિતરણ પરવાનેદારોએ મ્યુનિસિપલ ઘન કચરા આધારિત પ્રોજેક્ટસ કે જે આ આદેશના નિયંત્રિત સમયગાળા દરમ્યાન ઇન્સ્ટોલ અને કાર્યરત કરેલ હોય તેમને ચૂકવવાપાત્ર નેટ પ્રશુલ્ક દર નીચે મુજબ છે. જે માટે વિતરણ પરવાનેદારોએ ઉર્જા ખરીદી કરાર (PPA) કરવાના રહેશે.

પ્રશુલ્ક દર (₹. /kWh)	સામુહિક ભસ્મીકરણ	RDF બેઝડ ભસ્મીકર
	(₹. /kWh)	(₹. /kWh)
વધતા ઘસારા સાથે	૬.૩૧	૬.૬૭
વધતા ઘસારા સિવાય	૭.૦૩	૭.૦૭

૩.૧૦.૬ જવાબદાર સંસ્થાઓ દ્વારા પુનઃપ્રાપ્ય ઉર્જા ખરીદી જવાબદારીઓના મોનિટરીંગ માટે થયેલ સુઓ-મોટો કાર્યવાહી.

આયોગે GERC (પુનઃપ્રાપ્ય ઉર્જા સ્ત્રોતોમાંથી ઉર્જા ખરીદી) વિનિયમો, ૨૦૧૦ અને GERC પુનઃપ્રાપ્ય ઉર્જા સ્ત્રોતોમાંથી ઉર્જા ખરીદી (પ્રથમ સુધારો) વિનિયમો, ૨૦૧૪ (જાહેરનામાં ક્રમાંક ૨/૨૦૧૪) જારી કરેલ. ઉપરોક્ત વિનિયમોમાં આયોગે વિવિધ વર્ષોમાં કુલ ઉર્જા ખરીદીના ભાગરૂપે પુનઃપ્રાપ્ય ઉર્જા ખરીદી દરમ્યાન જવાબદાર સંસ્થાઓ દ્વારા સંકલન કરવાની થતી RPO ટકાવારી જાહેર કરવામાં આવી. નામદાર ટ્રિબ્યુનલે અપીલ નં. ૨૪/૨૦૧૩ અને IA નં. ૩૯/૨૦૧૩ પર તા. ૨૫-૦૪-૨૦૧૪ના આદેશથી અયોગને વર્ષવાર RPO ટકાવારી મોનિટર કરવાના નિર્દેશ આપવામાં આવ્યાં. આ ઉપરાંત, જવાબદાર સંસ્થાઓ દ્વારા RPO ના અનૂસરણની ચકાસણી સમયે આયોગે જવાબદાર સંસ્થાઓને જાહેર નોટિસથી પુનઃપ્રાપ્ય ઉર્જા ખરીદીની જવાબદારીઓના પાલન માટે પક્ષકારોના સુચનો અને ટિપ્પણીઓ આમંત્રિત કરવા નિર્દેશ આપવાના રહેશે.

GUVNL દ્વારા દાખલ કરાયેલ પીટીશન નં. ૧૬૦૪/૨૦૧૬ પર આયોગે તા. ૧૨-૦૧-૨૦૧૭નો દૈનિક આદેશ બહાર પાડેલ અને તે નોંધવામાં આવેલ કે જવાબદાર સંસ્થાઓએ વર્ષ દરમ્યાન પુનઃપ્રાપ્ય ઉર્જા ખરીદીની જવાબદારીઓના પાલન કરવું જરૂરી છે. તેમજ આયોગે વર્ષના અંતે જવાબદાર સંસ્થાઓએ પુનઃપ્રાપ્ય ઉર્જા ખરીદીની જવાબદારીઓના કરેલ પાલન અંગેની ચકાસણી કરવાની રહેશે. આ ઉપરાંત, ટોરેન્ટ પાવર લિ. એ RPOના અનુસરણ માટે પીટીશન નં. ૧૬૧૫/૨૦૧૫ દાખલ કરેલ. આથી આયોગે GUVNL અને TPLને પક્ષકારોના સુચનો અને ટિપ્પણીઓ આમંત્રિત કરવા જાહેર નોટિસ પ્રસિધ્ધ કરવા અને તેમની વેબસાઇટ પીટીશનની નકલ મુકવા નિર્દેશ આપવામાં આવ્યાં.

અન્ય વિતરણ પરવાનેદારો માટે જેવાં કે, ટોરેન્ટ પાવર લિ. (દહેજ), કંડલા પોર્ટ ટ્રસ્ટ, MPSEZ,યુટિલિટીઝ પ્રા. વિ. જ્યુબિલન્ટ ઇન્ફ્રાસ્ટ્રક્ચર પ્રા. લિ. મે, એસ્પેન ઇન્ફ્રાસ્ટ્રક્ચર લિ. અને GIFT પાવર કંપની લિ. આયોગ ઉક્ત સંસ્થાઓ માટે નાણાકીય વર્ષ ૨૦૧૫-૧૬ દરમ્યાન કરેલ પુનઃપ્રાપ્ય ઉર્જા ખરીદીની જવાબદારીઓના પાલનની ચકાસણીઓ માટે સુઓ-મોટો પીટીશન નં. ૧૬૩૭/૨૦૧૭થી સુઓ-મોટો કાર્યવાહી શરૂ કરવાનો નિર્ણય કર્યો.

આયોગે GEDAને ઉક્ત કાર્યવાહી માટે એક પક્ષકાર તરીકે નોડલ એજન્સી બનાવવામાં આવેલ. આયોગે તા. ૧૯-૦૫-૨૦૧૭ ના રોજ ઉક્ત બાબતો પર RPO ના અનુસરણ માટે સુનાવણી રાખેલ અને બાબત પર આદેશ અનામત રાખેલ.

૩.૧૦.૭ ચર્ચા પત્રઃ ગુજરાત રાજ્યના બાયોમાસ આધારિત પ્રોજેક્ટસ અને બાયોગેસ આધારિત કો-જનરેશન પ્રોજેક્ટસમાંથી વિતરણ પરવાનેદારો તથા અન્ય દ્વારા ઉર્જા ખરીદી માટે પ્રશુલ્ક દર નિર્ધારણ.

બાયોમાસ આધારિત પ્રોજેક્ટસ અને બાયોગેસ આધારિત કો-જનરેશન પ્રોજેક્ટસ માટેના અગાઉના સર્વ સામાન્ય આદેશનો નિયંત્રિત સમયગાળો તા. ૩૧-૦૩-૨૦૧૬ના રોજ પૂર્ણ થયેલ હોવાથી આયોગે તે આદેશને પીટીશન નં. ૧૫૬૫/૨૦૧૬ પરના તા. ૨૪-૦૫-૨૦૧૬ના સુઓ-મોટો આદેશથી લંબાવેલ તેમજ આગામી નિયંત્રિત સમયગાળા માટે પ્રશુલ્ક નિર્ધારણની પ્રક્રિયા શરૂ કરવામાં આવી. આયોગે ઉક્ત બાબત પર પક્ષકારોને ટિપ્પણીઓ અને સુચનો આમંત્રિત કરવા માટે તા. ૨૫-૦૫-૨૦૧૬ના રોજ ચર્ચા પત્ર બહાર પાડેલ.

આગામી નિયંત્રિત સમયગાળા માટે બાયોમાસ આધારિત પ્રોજેક્ટસ માટે દરખાસ્ત થયેલ વિવિધ પરિબળોને અગાઉના પ્રશુલ્ક દર આદેશના પરિબળો સાથે નીચે મુજબ સરખાવામાં આવ્યાં.

પરિમાણો	વોટર કુલ્ડ કન્ડેન્સર સાથેના બાયોમાસ આધારિત પ્રોજેક્ટસ		વાતાનુકુલિત કુલ્ડ કન્ડેન્સર સાથેના બાયોમાસ આધારિત પ્રોજેક્ટસ	
	હયાત પ્રશુલ્ક દર આદેશ મુજબ	આગામી નિયંત્રિત સમયગાળા માટે દરખાસ્ત	હયાત પ્રશુલ્ક દર આદેશ મુજબ	આગામી નિયંત્રિત સમયગાળા માટે દરખાસ્ત
પ્રોજેક્ટ ખર્ચ અને સંચાલન - વ્યવસ્થાપન ખર્ચ				
કુલ પ્રોજેક્ટ ખર્ચ (જમીન, પ્લાન્ટ અને મશીનરી, બાંધકામ અને ઇન્ટરકનેક્શન પોઇન્ટ સુધી સ્થળાંતર ₹. લાખ/MW)	૪૬૮	૪૭૭	૪૯૮	૫૦૭
પ્રથમ વર્ષ માટે સામાન્ય સંચાલન અને વ્યવસ્થાપન ખર્ચ (પ્રોજેક્ટ ખર્ચની ટકાવારી)	૫%	૫%	૫%	૫%
સંચાલન અને વ્યવસ્થાપન ખર્ચમાં વધારો (વાર્ષિક બીજા વર્ષથી)	૫.૭૨%	૫.૭૨%	૫.૭૨%	૫.૭૨%
કામગીરી પરિમાણો				
CUF	૭૦% પ્રથમ વર્ષ માટે અને બીજા વર્ષથી ૮૦%	૭૦% પ્રથમ વર્ષ માટે અને બીજા વર્ષથી ૮૦%	૭૦% પ્રથમ વર્ષ માટે અને બીજા વર્ષથી ૮૦%	૭૦% પ્રથમ વર્ષ માટે અને બીજા વર્ષથી ૮૦%
ગૌણ વપરાશ	૧૦%	૧૦%	૧૦%	૧૦%
પ્રોજેક્ટનું આયુષ્ય (વર્ષમાં)	૨૦	૨૦	૨૦	૨૦
મથક ગરમી દર kCal/kWh	૩૮૦૦	૩૮૦૦	૩૯૫૦	૩૯૫૦
બળતણની ગ્રોસ કેલોરિફિક કિંમત kCal/kg	બાયોમાસ-૩૪૦૦ કોલસો-૩૬૩૨	બાયોમાસ-૩૩૯૬ કોલસો-૩૯૬૯	બાયોમાસ-૩૪૦૦ કોલસો-૩૬૩૨	બાયોમાસ-૩૩૯૬ કોલસો-૩૯૬૯

બળતણની કિંમત	બાયોમાસ- ₹. ૨૭૨૬ /MT કોલસો-૨૯૧૨ /MT	બાયોમાસ- ₹. ૨૭૩૬ /MT કોલસો-૩૧૩૮ /MT	બાયોમાસ- ₹. ૨૭૨૬ /MT કોલસો-૨૯૧૨ /MT	બાયોમાસ- ₹. ૨૭૩૬ /MT કોલસો-૩૧૩૮ /MT
બળતણની કિંમતમાં વધારો	૫%	૫%	૫%	૫%
	નાણાકીય પરિમાણો			
દેવું ઇક્વિટી રેશિયો	૭૦:૩૦	૭૦:૩૦	૭૦:૩૦	૭૦:૩૦
લોનની મુદ્દત (વર્ષમાં)	૧૦	૧૦	૧૦	૧૦
ટર્મ લોન પર વ્યાજ	૧૨.૮૬%	૧૨.૩૦%	૧૨.૮૬%	૧૨.૩૦%
કાર્યકારી મૂડી પર વ્યાજ	૧૨.૮૬%	૧૧.૩૦%	૧૨.૮૬%	૧૧.૩૦%
ઘસારો	૬% (પ્રથમ ૧૦ વર્ષ માટે) 3% (૧૧થી ૨૦ વર્ષ માટે)	૬% (પ્રથમ ૧૦ વર્ષ માટે) 3% (૧૧થી ૨૦ વર્ષ માટે)	૬% (પ્રથમ ૧૦ વર્ષ માટે) 3% (૧૧થી ૨૦ વર્ષ માટે)	૬% (પ્રથમ ૧૦ વર્ષ માટે) 3% (૧૧થી ૨૦ વર્ષ માટે)
લઘુત્તમ વૈકલ્પિક ટેક્ષ	૨૦.૦૮૮%	૨૧.૩૪%	૨૦.૦૦૮%	૨૧.૩૪%
કોર્પોરેટ ઇન્કમ ટેક્ષ	૩૨.૪૫%	૩૪.૬૧%	૩૨.૪૫%	૩૪.૬૧%
ઇક્વિટી પર વળતર	૧૪%	૧૪%	૧૪%	૧૪%
પ્રશુલ્ક દર	નિયત ખર્ચ ઘસારા લાભ ન આપતા પ્રોજેક્ટ માટે પ્રશુલ્ક દર ₹. ૧.૭૭ પ્રતિ kWh ઘસારા લાભ આપતા પ્રોજેક્ટ માટે પ્રશુલ્ક દર ₹. ૧.૪૯ પ્રતિ kWh બદલાતો ખર્ચ ૨૦૧૩-૧૪ ₹. ૩.૩૯/ kWh ૨૦૧૪-૧૫ ₹. ૩.૫૫/ kWh ૨૦૧૫-૧૬ ₹. ૩.૭૩/ kWh	નિયત ખર્ચ ઘસારા લાભ ન આપતા પ્રોજેક્ટ માટે પ્રશુલ્ક દર ₹. ૧.૭૮ પ્રતિ kWhઘસારા લાભ આપતા પ્રોજેક્ટ માટે પ્રશુલ્ક દર ₹. ૧.૪૫ પ્રતિ kWh બદલાતો ખર્ચ ૨૦૧૬-૧૭ ₹. ૩.૩૯/ kWh ૨૦૧૭-૧૮ ₹. ૩.૫૬/ kWh ૨૦૧૮-૧૮ ₹.૩.૭૪/ kWh	નિયત ખર્ચ ઘસારા લાભ ન આપતા પ્રોજેક્ટ માટે પ્રશુલ્ક દર ₹. ૧.૮૯ પ્રતિ kWh ઘસારા લાભ આપતા પ્રોજેક્ટ માટે પ્રશુલ્ક દર ₹. ૧.૫૮ પ્રતિ kWh બદલાતો ખર્ચ ૨૦૧૩-૧૪ ₹.૩.૫૨/ kWh ૨૦૧૪-૧૫ ₹. ૩.૬૯/ kWh ૨૦૧૫-૧૬ ₹.૩.૮૮/ kWh	નિયત ખર્ચ ઘસારા લાભ ન આપતા પ્રોજેક્ટ માટે પ્રશુલ્ક દર ₹. ૧.૮૯ પ્રતિ kWh ઘસારા લાભ આપતા પ્રોજેક્ટ માટે પ્રશુલ્ક દર ₹.૧.૫૪ પ્રતિ kWh બદલાતો ખર્ચ ૨૦૧૬-૧૭ ₹. ૩.૫૨/ kWh ૨૦૧૭-૧૮ ₹. ૩.૭૦/ kWh ૨૦૧૮-૧૯ ₹. ૩.૮૯/ kWh

પરિમાણો	બાયોમાસ આધારિત કો-જનરેશન પ્રોજેક્ટસ	
	હયાત પ્રશુલ્ક દર આદેશ મુજબ	આગામી નિયંત્રિત સમયગાળા માટે દરખાસ્ત
	પ્રોજેક્ટ ખર્ચ અને સંચાલન - વ્યવસ્થાપન ખર્ચ	
કુલ પ્રોજેક્ટ ખર્ચ (જમીન, પ્લાન્ટ અને મશીનરી, બાંધકામ અને ઇન્ટરનેક્શન પોઇન્ટ સુધી સ્થળાંતર ખર્ચ ₹. લાખ/MW)	૪૫૭	૪૬૬
પ્રથમ વર્ષ માટે સામાન્ય સંચાલન અને વ્યવસ્થાપન ખર્ચ (પ્રોજેક્ટ ખર્ચની ટકાવારી)	પ્રોજેક્ટ ખર્ચના 3%	પ્રોજેક્ટ ખર્ચના 3%
સંચાલન અને વ્યવસ્થાપન ખર્ચમાં વધારો (વાર્ષિક બીજા વર્ષથી)	૫.૭૨%	૫.૭૨%
	કામગીરી પરિમાણો	
CUF	૬૦%	૬૦%
ગૌણ વપરાશ	૮.૫%	૮.૫%
પ્રોજેક્ટનું આયુષ્ય (વર્ષમાં)	૨૦	૨૦
મથક ગરમી દર kCal/kWh	૩૬૦૦	૩૬૦૦
બળતણની ગ્રોસ કેલોરિફિક કિંમત kCal/kg	બાયોમાસ - ૨૨૫૦ કોલસા - ૩૬૩૨	બાયોમાસ - ૨૨૫૦ કોલસા - ૩૯૬૯
બળતણની કિંમત	બાયોમાસ - ₹. ૧૮૦૪/MT કોલસા - ₹. ૨૯૧૨/MT	બાયોમાસ - ₹. ૧૫૮૦/MT કોલસા - ₹. ૩૧૩૮/MT
બળતણની કિંમતમાં વધારો	૫%	૫%
	નાણાકીય પરિમાણો	
દેવું ઇક્વિટી રેશિયો	૭૦:૩૦	૭૦:૩૦
લોનની મુદ્દત (વર્ષમાં)	૧૦	૧૦
ટર્મ લોન પર વ્યાજ	૧૨.૮૬%	૧૨.૩૦%
કાર્યકારી મૂડી પર વ્યાજ	૧૨.૮૬%	૧૧.૩૦%
ઘસારો	૬% (પ્રથમ ૧૦ વર્ષ માટે) 3% (૧૧ થી ૨૦ વર્ષ માટે)	૬% (પ્રથમ ૧૦ વર્ષ માટે) 3% (૧૧ થી ૨૦ વર્ષ માટે)
લઘુત્તમ વૈકલ્પિક ટેક્ષ	૨૦.૦૮૮%	૨૧.૩૪%
કોર્પોરેટ ઇન્કમ ટેક્ષ	૩૨.૪૫%	૩૪.૬૧%
ઇક્વિટી પર વળતર	૧૪%	૧૪%
પ્રશુલ્ક દર	નિયત ખર્ચ ઘસારા લાભ ન આપતા પ્રોજેક્ટ માટે પ્રશુલ્ક દર ₹. ૧.૮૬ પ્રતિ kWh ઘસારા લાભ આપતા પ્રોજેક્ટ માટે પ્રશુલ્ક દર ₹. ૧.૫૪ પ્રતિ kWh	નિયત ખર્ચ ઘસારા લાભ ન આપતા પ્રોજેક્ટ માટે પ્રશુલ્ક દર ₹. ૧.૯૧ પ્રતિ kWh ઘસારા લાભ આપતા પ્રોજેક્ટ માટે પ્રશુલ્ક દર ₹. ૧.૫૪ પ્રતિ kWh

	બદલાતો ખર્ચ	બદલાતો ખર્ચ
	૨૦૧૩-૧૪ ₹. ૩.૧૫/ kWh	૨૦૧૬-૧૭ ₹. ૨.૮૫/ kWh
	૨૦૧૪-૧૫ ₹. ૩.૩૧/ kWh	૨૦૧૭-૧૮ ₹. ૨.૯૯/ kWh
	૨૦૧૫-૧૬ ₹. ૩.૪૮/ kWh	૨૦૧૮-૧૯ ₹. ૩.૧૪/ kWh

૩.૧૦.૮ જાહેરનામાં ક્રમાંકઃ ૫/૨૦૧૬ઃ ગુજરાત વિજ નિયમન આયોગ (નેટ મીટરીંગ રૂફટોપ સોલાર PV ગ્રીડ ઇન્ટરેક્ટિવ સીસ્ટમ) વિનિયમો, ૨૦૧૬.

પક્ષકારોના જરૂરી સુચનો/વાંધાઓ માટે વિનિયમોનો મુસદ્દો જાહેર કરી તા. ૨૯-૦૬-૨૦૧૫ ના રોજ જાહેર સુનાવણી યોજાયેલ. આયોગે તા. ૨૧-૦૬-૨૦૧૬ના રાજપત્રથી વિનિયમોને અંતિમ સ્વરૂપ આપ્યું.

વિનિયમોમાં વિવિધ હેડ હેઠળ વિગતવારા જોગવાઇઓનો સમાવેશ થાય છે. જેમ કે, સ્કોપ અને એપ્લીકેશન, મૂળભુત સિધ્ધાંતો, વિતરણ પરવાનેદારો માટે ક્ષમતા લક્ષ્યાંકો, લાયક ઉપભોક્તા અને વ્યક્તિગત ક્ષમતા, અરજી કરવાની પ્રક્રિયા, ગ્રીડ સાથે ઇન્ટરકનેક્શનઃ ધોરણ અને સલામતી, ઉર્જા હિસાબ અને ચુકવણા સમાધાન, તકરાર નિવારણ, સૌર પુનઃપ્રાપ્ય ઉર્જા જવાબદારીઓ, લાગુ કરવાપ્રાપ્ર ચાર્જીસ, માંગણી કાપ વગેરે.

વિનિયમોની મુખ્ય જોગવાઇઓની વિશેષતા નીચે મુજબ છે.

વિતરણ પરવાનેદાર માટે ક્ષમતા લક્ષ્યાંક :

- વિતરણ પરવાનેદારે લાયક ઉપભોક્તાઓ માટે નેટ મીટરીંગની વ્યવસ્થા કરવાની રહેશે.
- જેમાં વિતરક ટ્રાન્સફોર્મરની ટોચ ક્ષમતા કરતા ૬૫%થી વધુની એકંદરિત ક્ષમતા માન્ય રહેશે.
- વિતરણ પરવાનેદારોએ વાર્ષિક ધોરણે નેટ મીટરીંગની વ્યવસ્થામાં રૂફટોપ સોલાર PV સીસ્ટમ કનેક્ટ કરવા માટે વિતરક ટ્રાન્સફોર્મરની ક્ષમતા અપડેટ કરવાની રહેશે. તેમજ જેની માહિતી આયોગને પુરી પાડવાની રહેશે.
- જે અંતર્ગત ટ્રાન્સફોર્મર/વિતરણ નેટવર્કમાં અભિવૃધ્ધિ કરવાની જરૂરિયાત જણાય તો, તેનો ખર્ચ ઉપભોક્તાએ ભોગવાનો રહેશે.
- કોઇ પણ ઉપભોક્તાની હદ-મિલ્કતમાં ઇન્સ્ટોલ કરાયેલ રૂદ્દટોપ સોલાર PV સીસ્ટમની ક્ષમતા એક કિલોવોટથી ઓછી ન હોવી જોઇએ.

લાયક ઉપભોક્તા અને વ્યક્તિગત ક્ષમતા :

- આ વિનિયમો અંતર્ગત વિનિયમ ૨.૧ (૧) માં વ્યાખ્યાયિત કરવામાં આવેલ સામાન્ય લાયકાત ઉપરાંત, નેટ મીટરીંગ સાથે સોલાર PV સીસ્ટમ માટે લાયક ઉપભોક્તાઃ

  ૧. સ્થાનિક વિતરણ પરવાનેદારનો ઉપભોક્તા હોવા જોઇએ.
  ૨. સોલાર PV સીસ્ટમ ઇન્સ્ટોલ કરવા માટે દરખાસ્ત કરાયેલ છત અથવા ધાબું અથવા મકાન અથવા

માળખાગત સુવિધા, અથવા ખુલ્લી જગ્યા અથવા તેમનો ભાગ અથવા આ તમામ સાથે હદ-મિલ્કતનો કાયદેસર કબજો ધરાવતા હોવા જોઇએ.

૩. દરખાસ્ત કરાયેલ સોલાર PV સીસ્ટમને પરવાનેદારની વિતરણ સીસ્ટમ સાથે જોડશે.

૪. સોલાર PV સીસ્ટમમાંથી ઉત્પાદિત તમામ વિજળીનો એજ હદ-મિલ્કતમાં વપરાશ કરવાનો રહેશે. જો ઉપભોક્તા ઉત્પાદિત તમામ વિજળીનો અજ હદ-મિલ્કતમાં વપરાશ કરવા સક્ષમ ન હોય તો આ વિનિયમોના વિનિયમ ૯ મુજબ કાર્યવાહી કરવાની રહેશે.

- લાયક ઉપભોક્તાની હદ-મિલ્કતમાં ઇન્સ્ટોલ કરવામાં આવનાર સોલાર PV સીસ્ટમની મહત્તમ ક્ષમતા ઉપભોક્તાના મંજુર લોડ/કરાર માંગણીના ૫૦% સુધી રહેશે.
- જે અંતર્ગત સ્થાપિત ક્ષમતા એક kWથી ઓછી અને એક MWથી વધુ ન હોવી જોઇએ.

ઉર્જા હિસાબ અને ચૂકવણા સમાધાન :

- સક્રિય કર્યા પહેલાં દાખલ કરાયેલ ઉર્જા અજાણ ઉર્જા તરીકે ગણવામાં આવશે. સોલાર PVના માલિક આ અજાણ ઉર્જા માટે કોઇપણ પ્રકારનો નાણાકીય લાભ મેળવવાપાત્ર થશે નહિ.
- દરેક બિલીંગ લમયગાળા માટે, પરવાનેદારે લાયક ઉપભોક્તા/સોલાર PV સીસ્ટમમાંથી ગ્રીડમાં દાખલ કરાયેલ વિજળીનો જથ્થો, વિતરણ પરવાનેદાર દ્વારા પુરી પડાયેલ વિજળી, ઉપભોક્તાએ ચુકવવાપાત્ર નેટ બિલીંગ કરેલ વિજળી અને વપરાશ સામે સરભર કર્યા બાદ નેટ બહાર મોકલેલ વિજળીની માહિતી અલગ અલગ દર્શાવવાની રહેશે.

(૧) ગૃહવપરાશ અને સરકારી ઉપભોક્તા :

- જે કિસ્સામાં કોઇ પણ મૂલાંગ સમયગાળા માટે વિતરણ પરવાનેદાર દ્વારા પુરી પડાયેલ વિજળી લાયક ઉપભોક્તાના રૂફ્ટોપ સોલાર PV સીસ્ટમમાંથી ઉત્પાદિત વિજળી કરતાં વધી જાય તો વિતરણ પરવાનેદાર નેટ વિજળી વપરાશ માટે ગ્રાહકના અમલી પ્રશુલ્ક દર મુજબ બિલ રજૂ કરશે.
- જે કિસ્સામાં બિલીંગ સમયગાળા દરમ્યાન ગ્રીડમાં દાખલ કરાયેલ વિજળી વિતરણ પરવાનેદાર દ્વારાપુરી પડાયેલ વિજળી કરતાં વધી જાય તો આવી વધારાની વિજળી સંબંધિત વિતરણ પરવાનેદારે જે વર્ષે રૂદ્ટોપ સોલાર PV સીસ્ટમ કાર્યરત થયેલ તે વર્ષ માટે આયોગ દ્વારા નિર્ધારિત APPC દર રૂફ્ટોપ સોલાર PV સીસ્ટમના સંપૂર્ણ આયુષ્ય માટે ખરીદવાની રહેશે. દા.ત. રૂફ્ટોપ સોલાર PV સીસ્ટમ વર્ષ ૨૦૧૬-૧૭ દરમ્યાન કાર્યરત થયેલ હોય તો આયોગ દ્વારા નાણાકીય વર્ષ ૨૦૧૫-૧૬ માટે નિર્ધારિત APPCદર લાગુ થવા પાત્રછે.
- ઉપભોક્તાના એક બિલીંગ ચક્ર માટે ઉર્જાનું બેન્કીગ માન્ય રાખવાનું રહેશે.
- વિતરણ પરવાનેદાર ઉપભોક્તા પ્રશુલ્ક દર ઉપરાંત ગુજરાત વિજ નિયમન આયોગ દ્વારા સમ્યાંતરે માન્ય કરેલ કોઇ અન્ય ચાર્જિસ માટે બિલ રજૂ કરવા સક્ષમ રહેશે.

(૨) ઔધ્યોગિક, વૈપારિક અને ઉપભોક્તા કે જેઓ રૂફ્ટોપ સોલાર PV સીસ્ટમમાંથી ઉત્પાદિત સૌર ઉર્જાના "એનર્જી એટ્રીબ્યુટ" વપરાશ કરી રહ્યા છે અને REC પધ્ધતિથી રજીસ્ટ્રર થયેલ નથી.

- જે કિસ્સામાં કોઇ પણ બિલીંગ સમયગાળા માટે વિતરણ પરવાનેદાર દ્વારા પુરી પડાયેલ વિજળી લાયક ઉપભોક્તાના રૂફ્ટોપ સોલાર PV સીસ્ટમમાંથી ઉત્પાદિત વિજળી કરતાં વધી જાય તો વિતરણ પરવાનેદાર નેટ વિજળી વપરાશ માટે ગ્રાહકના અમલી પ્રશુલ્ક દર મુજબ બિલ રજૂ કરશે.
- જે કિસ્સામાં બિલીંગ સમયગાળા દરમ્યાન ગ્રીડમાં દાખલ કરાયેલ વિજળી વિતરણ પરવાનેદાર દ્વારા પુરી પડાયેલ વિજળી કરતા વધી જાય તો વપરાશ સરભર કર્યા બાદ આવી વધારાની વિજળી સંબંધિત વિતરણ પરવાનેદારે જે વર્ષે રૂફ્ટોપ સોલાર PV સીસ્ટમ કાર્યરત થયેલ તે વર્ષ માટે આયોગ દ્વારા નિર્ધારિત APPC દર રૂફ્ટોપ સોલાર PV સીસ્ટમના સંપૂર્ણ આયુષ્ય માટે ખરીદવાની રહેશે.
- ઉપભોક્તાના એક બિલીંગ ચક્ર માટે ઉર્જાનું બેન્કિંગ માન્ય રાખવાનું રહેશે. જ્યારે બિલીંગ ચક્રના કોઇ પણ સમયે ઉર્જા વપરાશ સામે " સેટ ઓફ " આપી શકાશે. આમ છતા, વ્યસ્ત સમયે વપરાશ બદલ વ્યસ્ત સમય ચાર્જીસ લાગુ થવા પાત્ર છે.
- વિતરણ પરવાનેદાર ઉપભોક્તા પ્રશુલ્ક દર ઉપરાંત ગુજરાત વિજ નિયંમન આયોગ દ્વારા સમયાંતરે માન્ય કરેલ કોઇ અન્ય ચાર્જીસ માટે બિલ રજૂ કરવા સક્ષમ રહેશે.

(૩) ઔધ્યોગિક, વૈપારિક અને ઉપભોક્તા કે જેઓ રૂફ્ટોપ સોલાર PV સીસ્ટમમાંથી ઉત્પાદિત સૌર ઉર્જાના " એનર્જી એટ્રીબ્યુટ " વપરાશ કરી રહ્યા છે અને RPO ના અનુસરણ માટે " રીન્યુએબલ એટ્રીબ્યુટ " વપરાશ રહ્યા છે.

- જે કિસ્સામાં કોઇ પણ બિલીંગ સમયગાળા માટે વિતરણ પરવાનેદાર દ્વારા પુરી પડાયેલ વિજળી લાયક ઉપભોક્તાના રૂફ્ટોપ સોલાર PV સીસ્ટમમાંથી ઉત્પાદિત વિજળી કરતાં વધી જાય તો વિતરણ પરવાનેદાર નેટ વિજળી વપરાશ માટે ગ્રાહકના અમલી પ્રશુલ્ક દર મુજબ બિલ રજૂ કરશે.
- જે કિસ્સામાં બિલીંગ સમયગાળા દરમ્યાન ગ્રીડમાં દાખલ કરાયેલ વિજળી વિતરણ પરવાનેદાર દ્વારા પુરી પડાયેલ વિજળી કરતા વધી જાય તો ૧૫ મિનિટના સમયખંડમાં વપરાશ સરભર કર્યા બાદ આવી વધારાની વિજળી સંબંધિત વિતરણ પરવાનેદારે જે વર્ષે રૂફ્ટોપ સોલાર PV સીસ્ટમ કાર્યરત થયેલ તે વર્ષ માટે આયોગ દ્વારા નિર્ધારિત APPC દર રૂફ્ટોપ સોલાર PV સીસ્ટમના સંપૂર્ણ આયુષ્ય માટે ખરીદવાની રહેશે.

(૪) ઔધ્યોગિક, વૈપારિક અને ઉપભોક્તા કે જેઓ રૂફ્ટોપ સોલાર PV સીસ્ટમમાંથી ઉત્પાદિત સૌર ઉર્જાના " એનર્જી એટ્રીબ્યુટ " વપરાશ કરી રહ્યા છે અને REC માટે " રીન્યુએબલ એટ્રીબ્યુટ " વપરાશ રહ્યા છે.

